# श्री कृष्ण प्रणामी धर्म पत्रिका
# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા

कर पकर बैठाए के, आवेस दियो मोहे अंग ।
ता दिन थें पसरी दया, पल पल चढ़ते रंग ॥
(कलश हिन्दी १/१)



निजानन्दाचार्य सद्गुरु श्री देवचन्द्रजी महाराज
द्वारा जागनीके गूढ़ रहस्य समझते हुए
महामति श्री प्राणनाथजी महाराज

दिसम्बर २००९

वर्ष ८१ श्री ५ नवतनपुरी धाम, जामनगर अंक १२

www.krishnapranami.org

# श्री कृष्ण प्रणामी धर्म महोत्सव-मुंबई



दीप प्राकट्य कर पारायण एवं सभामंचका
मंगल प्रारम्भ करते हुए परम पूज्य आचार्य महाराजश्री एवं सन्त गुरुजन



श्री तारतम सागरके १०८ सामूहिक पारायणके प्रारम्भ एवं पूर्णाहुतिके विविध दृश्य



सभा मंच पर उपस्थित सुन्दरसाथको आशीर्वाद प्रदान करते
हुए परम पूज्य आचार्य महाराजश्री एवं सभाके विविध दृश्य

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા


વિ.સં ૨૦૬૬ નિજાનન્દાબ્દ : ૪૨૮ બુદ્ધજી શાકે : ૩૩૨

વર્ષ ૮૧ **ડિસેમ્બર ૨૦૦૯** અંક : ૧૨

| | | |
|---|---|---|
| મુદ્રક, પ્રકાશક તેમજ સ્વામિત્વ | } | જગદ્ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ |
| મુદ્રણ તેમજ પ્રકાશન સ્થળ | } | શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર જામનગર - ૩૬૧ ૦૦૧ (ગુજરાત) ભારત |
| સંપાદક(માનદ્) | : | ડૉ. પ્રવીણચન્દ્ર પરીખ |
| સંપાદક મંડળ | : | શાસ્ત્રી શ્રી લક્ષ્મણ ચૈતન્ય તથા શ્રી કનકરાય વ્યાસ |

વાર્ષિક શુલ્ક રૂા.૧૦૦/- | ૧૫ વર્ષીય શુલ્ક રૂા.૧૦૦૦/-



સરનામું : શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા, શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર જામનગર - ૩૬૧ ૦૦૧ ( ગુજરાત)

ફોન : (૦૨૮૮) ૨૬૭૨૮૨૯ : ફેક્સ (૦૨૮૮) ૨૫૫૧૩૫૩

**E-mail : navtan@sancharnet.in / navtanpuri@gmail.com**

**Website : www.krishnapranami.org/ www.krishnadham.org**


## નૂતન વર્ષાભિનન્દન

**ખ્રિસ્તી નૂતનવર્ષ ૨૦૧૦ નિમિત્તે સમસ્ત સુંદરસાથને નવાવર્ષની હાર્દિક શુભકામના. શ્રી રાજજીની અસીમ અનુકમ્પા સહુને પ્રાપ્ત થાય જેથી આપ પોતાના ધંધામાં અને ધર્મમાં પ્રગતિ કરી શકો.**

---

**સુંદરસાથજી ! દરેક વર્ષની જેમ આ વર્ષે પણ ૧ જાન્યુઆરી ૨૦૧૦ ના રોજ પરમ પૂજ્ય આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજશ્રીનો પ્રાગટ્યોત્સવ શ્રી ૫ નવતનપુરી ધામમાં ધામધૂમથી મનાવવામાં આવશે. આપ સહુ સુંદરસાથજી આ પાવન અવસરે પધારી કાર્યક્રમને દીપાવશો. આવો, પોતાના વર્તમાન સદ્ગુરુના પ્રાકટ્ય દિવસમાં એમના પ્રત્યે શુભકામના તથા શુભભાવના વ્યક્ત કરી શતં જીવેમઃ શરદઃ એવી પ્રાર્થાના શ્રી રાજજી મહારાજના ચરણોમાં કરીએ. આ પાવન પ્રસંગે રક્તદાન શિબિરનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ પરમાર્થ કાર્યમાં સહભાગી થવા વિનંતી.**

# એ માયા છે અતિ બલવંતી

## પૂજ્યપાદ જગદ્‌ગુરુ આચાર્યશ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ

માયા શબ્દ સાંભળતાં જ આપણે મિથ્યા, ભ્રાંતિ, છલ કપટ વગેરેની કલ્પના કરવા લાગી જઈએ છીએ, એની પરિભાષામાં કહ્યું છે કે આ અસત્ય અર્થને પ્રકાશિત કરે છે. જેમકે, **અસદર્થપ્રકાશિની માયા** । માયા શબ્દમાં ''મા'' અને ''યા'' બે અક્ષર છે. સંસ્કૃત ભાષામાં ''મા'' નો અર્થ થાય છે નહીં અને ''યા'' નો અર્થ થાય છે જો. આથી એ સ્પષ્ટ થઈ જાય છે કે જો ખરું જોતાં નથી માત્ર દેખાય છે તે માયા છે અથવા જેનું જેવું સ્વરૂપ છે તેને તે રૂપમાં પ્રકાશિત ન કરી બીજા (ઠીક ઊલટી રીતે) રૂપે પ્રકાશિત કરવાવાળી શક્તિ માયા છે. માયા પોતે મિથ્યા છે અને મિથ્યાને જ પ્રકાશિત કરી શકે છે. પરંતુ અજ્ઞાન (માયા) ને કારણે લોકો મિથ્યાને જ સત્યના રૂપે સમજવા લાગે છે.

માયાને અજ્ઞાન પણ કહ્યું છે. આ અજ્ઞાનને કારણે ખોટાને સાચું અને સાચાને ખાટું માની લેવામાં આવે છે. મહામતિ શ્રી પ્રાણનાથજીએ માયાને નિદ્રા (નીંદ) પણ કહી છે અને એના અનેક નામ આપવામાં આવ્યા છે.

**મોહ અજ્ઞાન ભરમના, કરમ કાલ ઔર સુંન ।**
**એ નામ સારે નીંદ કે, નિરાકાર નિરગુન ॥**

**(કલશ હિન્દી ૨૪/૧૯)**

અર્થાત્ મોહ, અજ્ઞાન, ભ્રમ, કર્મ, કાળ, શૂન્ય, નિરાકાર, નિર્ગુણ વગેરે બધા નામો નિદ્રાના છે. મૂળ તો આ માયા જ છે. માયાને કારણે મોહ થાય છે. મોહના કારણે જ્ઞાન ઢંકાઈ જાય છે અને અજ્ઞાનની વૃદ્ધિ થાય છે. અજ્ઞાન વધવાથી ભ્રાંતિ ઉત્પન્ન થાય છે જેથી નિમ્ન કોટિના કર્મ થવા લાગે છે. આવા કર્મો કાળક્રમે શૂન્યમાં વિલીન થઈ જાય છે. શૂન્ય, નિરાકાર, નિર્ગુણ, નિરંજનનું અસ્તિત્વ પણ માયાના કારણે જ છે. ખરું જોતા મહાપ્રલયમાં જેનો નાશ થઈ જાય છે તે બધાનું અસ્તિત્વ માયાને કારણે છે. એને આદિ અને અનાદિ પણ કહ્યું છે. જેમકે,

**એ માયા આદ અનાદ કી, ચલી જાત અંધેર ।**

માયાને આદિ કહેવાનું કારણ એ છે કે આ સૃષ્ટિના આદિમાં પેદા થઈ છે. જેમકે,

**ઉપજ્યો મોહ સુરત સંચરી, ખેલ હુઆ માયા વિસ્તરી ।**
**ઈત અક્ષરકો વિલસ્યો મન, પાંચ તત્ત્વ ચૌદૈ ભુવન ॥**

અક્ષરાતીત પૂર્ણબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીની આજ્ઞાથી સર્વ પ્રથમ અક્ષર બ્રહ્મ દ્વારા મોહ તત્ત્વ ઉત્પન્ન થયો. એમાં અક્ષરના મને પ્રવેશ કર્યો જેથી પાંચ તત્ત્વ અને ત્રણ ગુણ પ્રગટ થયા. જેના મિશ્રણથી આ સમ્પૂર્ણ સૃષ્ટિ બનેલી છે. જેવું અક્ષર બ્રહ્મ પોતાના મનની વૃત્તિયોનું સંવરણ છે તે સમયે આ ચરાચર સૃષ્ટિ મટી જાય છે. એમને મહાપ્રલય અથવા આત્યન્તિક પ્રલય કહે છે. જો કે પ્રલય જુદા જુદા છે (જેમકે નિત્ય, નૈમિત્તિક, પ્રાકૃતિક અને આત્યન્તિક) અને તેઓ નિશ્ચિત સમયમાં પોતાનો પ્રભાવ દેખાડે છે. તો પણ મહાપ્રલયમાં ઉપરોક્ત બધા પ્રલયો સમાઈ જાય છે. મહાપ્રલય કે આત્યન્તિક પ્રલય પરિવર્તનશીલ જગતનું અંતિમ પરિવર્તન છે. મુખ્યતઃ આ અક્ષર બ્રહ્મની મનોવૃત્તિનું સંવરણ છે.

માયાને અનાદિ એટલા માટે કહેવામાં આવી છે કે આ મૂળ તો અક્ષરાતીત પૂર્ણબ્રહ્મ પરમાત્માની આજ્ઞાથી ઉત્પન્ન થાય છે અને એનું બીજ અક્ષર બ્રહ્મના મનમાં વિદ્યમાન છે. બ્રહ્માંડોને બનાવવા, થોડા સમય માટે ટકાવવા અને મટાડવા આ અક્ષર બ્રહ્મનું નિત્ય કાર્ય છે. જે રીતે બાળક સ્વભાવગત કેટલીક વસ્તુઓને એકત્રિત કરી કંઈક બનાવે છે અને બીજી જ ક્ષણે તેને મટાડી પણ દે છે. બ્રહ્માંડોને બનાવવા અને મટાડવાને કારણે અક્ષર બ્રહ્મને બાલ સ્વભાવ અથવા બાલ ચરિત્ર કહેવામાં આવેલ છે. જેમકે,

**શ્રી ભગવાનજી ખેલત બાલ ચરિત્ર, આપ અપની ઈચ્છાસોં પ્રકૃત ।**

અક્ષર બ્રહ્મની ઈચ્છાને મૂલ પ્રકૃતિ કહેવામાં આવે છે. એનાથી આ દશ્યમાન જગત અસ્તિત્વમાં છે. પરંતુ અક્ષર બ્રહ્મ પણ અક્ષરાતીતની આજ્ઞાથી જ બ્રહ્માંડોને બનાવે છે અને મટાડે છે. એટલા માટે માયા અક્ષરાતીતની આજ્ઞાથી જ ઉત્પન્ન થાય છે. એમની શક્તિ અપાર છે. ત્યારે મહામતિએ કહ્યું છે,

**એ માયા છે અતિ બલવંતી, ઉપની છે મૂલ ધની થકી ।**
**મુનિજનને મનાવ્યા હાર, શિવ બ્રહ્માદિક નવ લહે પાર ॥**

**(રાસ ૧/૪)**

અક્ષરાતીતની આજ્ઞાથી ઉત્પન્ન થવાને કારણે આ શક્તિશાળી છે અને સંસારના

જીવ એમનો પાર પામી શક્તા નથી. સામાન્ય વ્યક્તિઓની વાત જ શું કરવી ઋષિ-મહર્ષિ પણ એમના પ્રભાવથી બચી શક્યા નથી. એટલું જ નહીં પાતાલથી લઈને સતલોક સુધી તથા દેવી-દેવતાઓથી લઈને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ સહિત ભગવાન નારાયણ પર્યન્ત બધા માયાથી પ્રભાવિત છે. સંક્ષેપમાં કહેવું હોય તો માયા આ સંપૂર્ણ બ્રહ્માંડ જ નહીં એવા અનંત બ્રહ્માંડ તથા તેમના સ્વામી ભગવાન નારાયણને પણ છોડતી નથી. અક્ષરબ્રહ્મ દ્વારા બનાવેલી સંપૂર્ણ સૃષ્ટિ માયા દ્વારા જ બની છે અને માયાનો જ વિસ્તાર છે.

આવી શક્તિશાળી માયામાં બ્રહ્માત્માઓનું આગમન થયું છે એટલા માટે તેઓ પણ એમના પ્રભાવથી અછૂત નથી. એટલા માટે બ્રહ્માત્માઓ પણ સ્વયંને, પોતાના ધણીને અને પોતાના ધામને પણ ભૂલીને માયામાં મગ્ન બની ગયા છે. તેમને જાગૃત કરવા માટે શ્રી રાજજીએ શ્રી શ્યામાજીને સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીના રૂપે મોકલ્યા. તેઓએ માયામાં રહેવા છતાં પણ પોતાના ધણીને શોધીને બ્રહ્માત્માઓને માયાથી પાર થવાનો માર્ગ દેખાડયો. શ્રી રાજજીએ સ્વયં પ્રગટ થઈ બ્રહ્મજ્ઞાન-તારતમ જ્ઞાન પ્રદાન કર્યું અને સ્વયં શ્રી દેવચંદ્રજીના હૃદય ધામમાં બિરાજમાન થયા. શ્રી દેવચંદ્રજી મહારાજે તારતમ જ્ઞાનના દ્વારા બ્રહ્માત્માઓની જાગણીનું કાર્ય કર્યું. જે બ્રહ્માત્માઓ સદ્‌ગુરુના શરણે આવ્યા અને તેઓએ તારતમ જ્ઞાનને હૃદયંગમ કર્યું તેઓ માયાના પ્રભાવથી બચી શકયા. એટલા માટે મહામતિ કહે છે,

**હવે માયાનો જે પામસે પાર, તારતમ કરસે તેહ વિચાર ।**
**બ્રહ્માંડ માહેં તારતમ સાર, એણે ટાલ્યો સહુનો અંધકાર ॥**

**(રાસ ૧/૪૧)**

સદ્‌ગુરુના શરણે આવી તારતમ જ્ઞાનને હૃદયંગમ કરવાવાળા આત્માઓ માયાનો પાર પામી શકે છે. આ બ્રહ્માંડમાં તારતમ જ્ઞાન જ સંપૂર્ણ શાસ્ત્રોનો સાર છે અને અજ્ઞાનરૂપી અંધકારને મટાડવા સક્ષમ છે.

માયાથી પાર થવા માટે અથવા માયાના પ્રભાવથી મુક્ત થવા માટે સદ્‌ગુરુના શરણમાં આવવું અત્યંત જરૂરી છે. મહામતિએ અનેક ચોપાઈઓ દ્વારા આ વાત સ્પષ્ટ કરી છે.

તેઓ પોતાના માટે કહે છે, જ્યાં સુધી મેં સદ્‌ગુરુના વચનોનું પાલન કર્યું નહીં, તેઓની આજ્ઞાને શિરોધાર્ય માની નહીં તથા સદ્‌ગુરુને પોતાના હૃદયમાં બેસાડ્યા

નહીં ત્યાં સુધી માયા મને પરાજિત કરતી રહી. સદ્‌ગુરુને હ્રદયમાં ધારણ કરી તેમના વચનોનું પાલન કરતાં જ માયાનો પ્રભાવ શાંત થવા લાગ્યો, જેમકે,

**તમે અનેક સિખામણ કહી, પણ ભરમ આડે મેં કાંઈ નવ ગ્રહી ।**
**મોસૂં એવી તોહજ થઈ, જો વાણી તમારી મેં નવ લહી ॥**

**તમે પેરે પેરે સમજાવી, મુને તોહે બુધ ન આવી ।**
**જુગતેં કરીને જગાવી, લઈ તારતમેં લગાવી ॥**

**તમેં અંતરગતેં દીધાં દૃષ્ટાંત, ત્યારે ભાગી મારા મનની ભ્રાંત ।**
**હવે તમેં આવ્યા એકાન્ત, સંસાર દસા થઈ સ્વાંત ॥**

**(રાસ ૧/૧૪-૧૬)**

જ્યારે સદ્‌ગુરુના રૂપે પધારેલા ધામધણીનું શરણું પ્રાપ્ત થાય છે ત્યારે શત્રુઓનું બલ આપોઆપ નબળું પડવા લાગે છે અને બગડેલું કાર્ય પણ સુધરી જાય છે. આ રીતે સદ્‌ગુરુનું શરણું મનના મનોરથ પૂર્ણ કરે છે.

**જ્યારે ધણી ધણવટ કરે, ત્યારે બલ વૈરીના હરે ।**
**વલી ગયાં કામ સરાડે ચઢે, મન ચિતવ્યાં કારજ સરે ॥**

**(રાસ ૧/૧૭)**

આ સંદર્ભમાં આગળ કહે છે,

**તમે કૃપા કીધી અતિ ઘણી, જાણી મૂલ સગાઈ ઘર તણી ।**
**માયા પાડી પડતાલે હણી, બલ દીધુ મુને મારે ધણી ॥**

હે સદ્‌ગુરુ ધણી ! આપે પરમધામનો સંબંધ જાણીને અપાર કૃપા કરી છે. આપે જ મને એવી શક્તિ આપી કે જેમાં મેં માયાને લાત મારી પછાડી દીધી.

સદ્‌ગુરુ પોતાના શિષ્યને પોતાપણું પ્રદાન કરે છે. તેઓને આત્માની પિછાણ થાય છે અને તેઓ આત્માના શાશ્વત સંબંધનું પાલન કરે છે. નિજાનંદચાર્ય શ્રી દેવચંદ્રજી મહારાજે મહામતિને પોતાની અંગના જાણી સર્વતોભાવેન તેમની રક્ષા કરી. જ્યારે જ્યારે મહામતિને સદ્‌ગુરુની અંદર શ્રી રાજજીના દર્શન થયા ત્યારે ત્યારે તેમને માયાનો પ્રભાવ ન રહ્યો હોય એવો અનુભવ થયો છે. જેવા સદ્‌ગુરુ મહામતિના હ્રદયધામમાં બિરાજમાન થયા ત્યારથી તેમને વ્રજ, રાસ તથા પરમધામના દૃશ્યો દૃષ્ટિગોચર થવા લાગ્યા. સદ્‌ગુરુ તો પ્રથમથી જ મહામતિના હ્રદયમાં બિરાજમાન થઈ ગયા હતા,

પરંતુ જ્યારથી તેઓને એમનો અનુભવ થવા લાગ્યો ત્યારથી માયાનો પ્રભાવ દૂર થવા લાગ્યો. એનું તાત્પર્ય એ છે કે જ્યારે આપણે સદ્ગુરુના શરણનો અનુભવ કરવા લાગીએ ત્યારથી માયાનો પ્રભાવ દૂર થવા લાગશે. નહિ તો માયા એટલી પ્રબળ છે કે તે પ્રભાવિત કર્યા વગર ન રહે.

બીજી રીતે જોઈએ તો એ જાણવા મળશે કે બ્રહ્માત્માઓ પૂર્ણબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીના ચરણોમાં બેસી માયાનો ખેલ જોઈ રહ્યા છે. શ્રી રાજજીના ચરણોમાં રહેવાથી એના પર માયાનો શું પ્રભાવ પડે ? આ જિજ્ઞાસા ઉત્પન્ન થઈ શકે છે. એટલા માટે આપણે એ જાણવું જરૂરી છે કે શ્રી રાજજીના ચરણોમાં રહેવા છતાં પણ તેમની સુરતા તો માયામાં લાગેલી છે. જ્યાં સુધી આ સુરતા માયામાં લાગેલી રહેશે ત્યાં સુધી માયાનો પ્રભાવ તેના પર પડતો રહેશે. જેવું સદ્ગુરુ પ્રદત્ત તારતમ જ્ઞાન દ્વારા જાણ થશે કે આપણે તો મૂળરૂપે શ્રી રાજજીના ચરણોમાં જ છીએ અને આપણને એવો અનુભવ પણ કરવા લાગીશું કે અમે વાસ્તવમાં શ્રી રાજજીના સાન્નિધ્યમાં જ છીએ ત્યારે માયાનો પ્રભાવ દૂર થશે. એટલે તારતમ જ્ઞાનની સાથે સાથે પ્રેમલક્ષણા ભક્તિની પણ જરૂર રહેશે. નહિ તો માયાના પ્રભાવથી મુક્ત થવામાં લાંબો સમય લાગશે. આપણે આપણી સુરતાને માયાથી દૂર કરી શ્રી રાજજીના ચરણોમાં લગાડવી છે.

**ઈન ઉલટીસે ઉલટાએ કે પિયા પ્રેમેં કરૂં સનમુખ ।**

પરંતુ આ કાર્ય માત્ર જ્ઞાનથી નહીં પણ પ્રેમથી સંભવ થશે. કેમકે જ્ઞાનમાં અહંભાવ માટે પૂરેપૂરી સંભાવના રહે છે. આપણે જ્ઞાનથી દુનિયામાં મોટા બનવા ઇચ્છીએ છીએ. જ્યારે પ્રેમ સમર્પણ શિખવે છે. પ્રેમમાં આપણે સ્વયંને મટાડી દઈએ છીએ. એટલા માટે કહ્યું છે,

**પંથ હોવે કોટિ કલ્પ, પ્રેમ પહુંચાવે મિને પલક ।**

પ્રેમ સિવાયની અન્ય બીજી બધી સાધનાઓ પરમાત્મા સુધી પહોંચાડવા માટે લાંબો સમય લગાડે છે અને માર્ગમાં પણ અનેક વિઘ્ન-મુશ્કેલીઓ આવવાથી પહોંચવું નિશ્ચિત હોતું નથી. એવામાં પ્રેમનો માર્ગ અતિ ઉત્તમ હોય છે અને તે પલમાત્રમાં પહોંચાડી દે છે. પ્રેમ માર્ગની બીજી વિશેષતા એ છે કે તેમાં કોઈ રીતની અડચણ રહેતી નથી. તે સમગ્ર દરવાજા ખોલી આપે છે,

**પ્રેમ ખોલ દેવે સબ દ્વાર, પારકે પાર પિયાકે પાર ॥**

પ્રેમમાર્ગની ત્રીજી વિશેષતા એ છે કે એ અંતર્યાત્રા છે. એના માટે બાહ્યયાત્રાની

કોઈ જરૂરત રહેતી નથી. એ તો પ્રેમીને ત્યાં બેઠા બેઠા તે શરીરમાં રહીને જ પારનો અનુભવ કરાવી દિયે છે. જેમકે,

**પ્રેમ ઐસી ભ્માંત સુધારે, ઠૌર બૈઠે પાર ઉતારે ।।**

અનેઆગળપણ,

**ઈતહીં બૈઠે ઘર જાગે ધામ, પૂરણ મનોરથ હુએ સબ કામ ।।**

આ રીતે પ્રેમ માર્ગની અનેક વિશેષતાઓ છે. અહીંયાં માત્ર સંકેત જ કરવામાં આવ્યો છે. શાસ્ત્રોએ આ માર્ગને ગુપ્ત રાખ્યો હતો. બ્રહ્માત્માઓના આગમનથી જ એ પ્રગટ થયો છે. ખરું જોતાં બ્રહ્માત્માઓ જ પ્રેમની સાથે પ્રગટ થયા છે. તેઓના આગમન પૂર્વે સંસારમાં પ્રેમનું નામ જ હતું. તેનું સ્વરૂપ તો બ્રહ્માત્માઓએ જ પ્રગટ કર્યું છે. નારદજીએ પણ પ્રેમ માટે **યથા વ્રજ ગોપિકા નામ્** દ્વારા ગોપીઓનું ઉદાહરણ દઈને આ વાતની પુષ્ટિ કરી છે.

સામાન્ય લોકો શરીર કે સંસાર પ્રત્યેના આર્કષણને પ્રેમ સમજે છે. આ પ્રેમ નથી પણ મોહ છે. એમાં પડવાથી મનુષ્યનું પતન થાય છે. જ્યારે પ્રેમ પરમાત્મા પ્રત્યે થવાવાળું આકર્ષણ છે. તે આત્માનો ધર્મ છે. એવા પ્રેમમાં ડૂબવાવાળો વ્યક્તિ પણ ભવસાગરથી પાર થઈ જાય છે. તેમનું પતન ક્યારેય પણ સંભવ નથી. તેમનું તો સદૈવ ઉત્થાન જ હોય છે. તે તો અહીં બેઠા બેઠા પાર પહોંચી જાય છે. એવો પ્રેમ મૂળરૂપે બ્રહ્માત્માઓમાં જ છે. તેમના સંપર્કમાં આવવાવાળા અન્ય જીવ પણ એનો આસ્વાદ માણી શકે છે. એના માટે અંતઃકરણની શુદ્ધતા અર્થાત્ હૃદયની નિર્મલતા પરમ આવશ્યક છે. પ્રેમમાં ક્યારેય પણ પ્રદર્શન (દેખાડો) હોતું નથી. પ્રેમમાં ક્ષણમાં હસવું ક્ષણમાં રડવું કે પાગલપણું થવું તે ભૂષણ છે દૂષણ નથી. પ્રેમમાં દેખાડો કરવો દૂષણ કહેવાય છે. આ દુનિયા દેખાડો કરવાવાળી છે. એટલા માટે એમાં લોકોને દેખાડો કરવો સારું લાગે છે અને સમજે પણ એમને જ છે. આમાં પ્રેમને સમજનારા વિરલા હોય છે. એટલે સામાન્ય લોકો દેખાવને જ પ્રેમ સમજે છે અને પ્રેમને દેખાવ સમજે છે. એનું કારણ એ છે કે જેના હૃદયમાં પ્રેમ પ્રગટ જ નથી થયો તે બીજાના પ્રેમને કઈ રીતે સમજી શકે ? જેના હૃદયમાં છળ, કપટ, રાગ, દ્વેષ વગેરે ભરેલાં હોય તેવા લોકો આવાજ ભાવને સમજી શકે છે. તેઓ પ્રેમને સમજી શકશે નહીં. એટલા માટે તેમને તો પ્રેમી પાગલ લાગશે અને તેઓ તેની મજાક કરવા લાગશે. પ્રેમી તો હૃદયથી પાગલ હશે અને તે પણ પરમાત્માના પ્રેમમાં, જ્યારે દુનિયાનો પાગલ બુદ્ધિથી પાગલ હશે અને

દુનિયા પાછળ પાગલ હશે. દુનિયાની ચતુરાઈથી તો પરમાત્માના પ્રેમમાં પાગલ હોવું એ શ્રેષ્ઠ છે. સંસારના ચતુર વ્યક્તિ કરતા પરમાત્માના પ્રેમમાં પાગલ વ્યક્તિ કરોડો ગણો શ્રેષ્ઠ હોય છે. પરંતુ આ પાગલપન માયાના વિકારોથી મુક્ત થવું આવશ્યક છે. અધ્યાત્મ ક્ષેત્રની તમામ સાધના વિકારોથી મુક્ત થવાથી જ પ્રગટ થાય છે. માટે આવા વિકારોથી મુક્ત થવા માટે છે. પરમાત્માને પ્રાપ્ત કરવા માટે તો પ્રેમ એક માત્ર સાધન છે. ખરેખર પરમાત્મા પ્રેમથી જ પ્રાપ્ત થાય છે. આ રહસ્યને સમજવા માટે પણ જ્ઞાનની આવશ્યકતા હોય છે અન્યથા સાધક ભ્રાન્ત થઈને પથભ્રષ્ટ થઈ જશે. એટલા માટે જ મહામતિ શ્રી પ્રાણનાથજીએ તારતમ્ય જ્ઞાન તથા પ્રેમલક્ષણા ભક્તિનો એક સાથે ઉપદેશ આપ્યો છે. કેમકે જ્ઞાનથી જાણી શકાય છે અને પ્રેમથી પામી શકાય છે.

માયાના પ્રવાહમાં તણાઈને મોહને જ પ્રેમના વાઘા પહેરાવનાર લોકો પ્રેમના નામે ભ્રાંતિઓ ફેલાવે છે અને કહે છે કે આ માયા પણ શ્રી રાજજી દ્વારા જ પ્રગટ થઈ છે. એટલે એનો પાર પામવો સંભવ નથી. આવી વ્યક્તિઓ સ્વયં મોહપાશમાં બંધાયેલી હોય છે અને બીજાઓને પણ તેમાં જકડી રાખવા માગતી હોય છે. પોતાની કમજોરી છુપાવા માટેનું આ મોટું બહાનું છે. વાસ્તવમાં આપણે આપણા કર્મોને કારણે માયા-મોહના પાશમાં બંધાયેલા હોઈએ છીએ. જો કે આ માયા શ્રી રાજજી થકી જ ઉત્પન્ન થઈ છે પરંતુ શ્રી રાજજીએ તેને જોવાનું કહ્યું છે, ભોગવવાનું નહીં. આપણે તેના લોભામણા આકર્ષણો તરફ ખેંચાઈએ છીએ જેથી તે આપણને પોતાના બંધનમાં જકડી લે છે. તે પોતાના હથિયારો સજાવીને બેઠી છે. તેનું કામ આ જ છે. મહામતિએ માયાના હથિયાર ગણાવ્યા છે,

**એહના આઉધ અમૃત રૂપ રસ, છલ બલ વલ અકલ ।**
**અગિન કુટિલ ને કોમલ, ચંચલ ચતુર ચપલ ।।**

અર્થાત્ અમૃત (ભૌતિક વસ્તુઓનું પ્રલોભન), રૂપ (સૌન્દર્ય), રસ (મધુર વાણી), છળ, બલ (શક્તિ), વલ (દાવ પેચ), બુદ્ધિ ચાતુર્ય, અગ્નિ (કામ ક્રોધ રૂપી આગ), કુટિલતા (કપટ), કોમલતા (વિનમ્રતા), ચંચળતા, ચતુરાઈ અને ચપળતા, આ તેર માયાના હથિયાર છે. આ શામ, દામ, દંડ, ભેદ જેવા તમામ ઉપાયોથી આપણને વશમાં કરવા સદૈવ તૈયાર રહે છે. એટલે જે આત્માઓ પોતાના ધણીને ભૂલીને માયા તરફ જુએ છે તેમને તે તરત જ પોતાના બંધનમાં જકડી લે છે પરંતુ જે આત્માઓ પોતાના ધણી સાથે પ્રેમ કરતાં તેમના સાનિધ્યનો અનુભવ કરતાં માયાને જુએ છે તેમને તે પ્રભાવિત કરી શક્તી નથી. જે આત્માઓ માયા તરફ ખેંચાઈ જાય છે તેની

ભાવના તથા કર્મ બન્ને દૂષિત થઈ જાય છે. જેને કારણે તે આત્માઓ બંધનમાં ફસાઈ જાય છે. એટલા માટે આપણે ઉત્તમ કર્મ કરતાં કરતાં નિરન્તર શ્રી રાજશ્યામાજીનું સ્મરણ કરવું જોઈએ. અન્યથા એક દુષ્કર્મ અનેક બુરાઈઓને નિમંત્રણ આપે છે અને આપણે આપણી લાપરવાહીથી તેમાં ફસાઈ જઈશું.

જીવનમાં સદ્‌ગુરુનું માર્ગદર્શન અને શ્રી રાજજીની ભક્તિ પ્રાપ્ત થાય અને આપણે સાચા હૃદયથી શ્રી રાજજીને પ્રેમ કરશું તો આપણું જીવન સફળ થશે અને આપણે માયાના બંધનમાં ફસાયા વગર આનંદનો અનુભવ કરી શકીશું. અસ્તુ.

## આત્માર્થી ખરા ?

**નફો વિનાનો ધંધો મનને જામતો નથી. સાકર વિનાની મિઠાઈ જીભને ફાવતી નથી. મ્યુઝિક વિનાનું સંગીત કાનને પસંદ નથી. પ્રસન્નતા વિનાની સફળતા મનને અકળાવ્યા વિના રહેતી નથી. મીઠા વગરનું ફરસાણ દિલને પસંદ નથી. બસ એ જ ન્યાયે દાન વિનાની સંપત્તિ, શીલ વિનાનું રૂપ, તપ વિનાની તંદુરસ્તી અને ભાવના વિનાનું આત્માર્થીને જામતું નથી. આપણો નંબર આવા આત્માર્થીમાં ખરો કે નહીં.**

## સહાયતા કરો....!

**મનમાં છે વિચારોનો ભાર, આંખમાં છે સપનાંઓનો ભાર, હૃદયમાં છે કલ્પનાઓનો ભાર, ચિત્તમાં છે તૃષ્ણાનો ભાર, દિલમાં છે ઈર્ષ્યાનો ભાર, જીભ પર છે પરનિંદાનો ભાર. અરે...હુ આટલા ભારોમાંથી દબાઈ ગયો છું. કૃપયા મને આમાંથી ઉગારી લેજો....કોઈ તો સહાયતા કરો......!**

**નિર્દોષ આત્માનો આ આવાજ તો સાંભળીએ**

**શ્રી તારતમ સાગર મૂલ તથા અર્થની સાથે online વાંચવા માટે જુઓ :**

**www.shritartamsagar.org**

**શ્રી કૃષ્ણ ધર્મ પત્રિકાને online વાંચવા માટે :**

**www.khrishnapranami.org**

# બ્રહ્મપ્રિયા જાગરણાય જાતઃ

## (બ્રહ્મપ્રિયાઓના જાગરણ માટે પ્રાગટ્ય થયું )

### સભાયા મંજુલાબેન જસવંતભાઈ મેટોડા (રાજકોટ)

હદ-બેહદની પાર અક્ષર અને તેની પાર અક્ષરાતીત પરમધામ આવેલ છે. આ અખંડ, અવિનાશી, શાશ્વત, અદ્વૈત, ચિન્મય, નૂરી, દિવ્ય બ્રહ્મધામની મધ્યમાં રંગમહલ છે. તેને નિજધામ પણ કહે છે. આ નિજધામમાં શ્રી રાજજી મહારાજ તેમની અર્ધાંગના શ્યામા મહારાણી તથા તેમની અભિન્ન અંગનાઓ ૧૨૦૦૦ બ્રહ્માંગનાઓ સાથે પ્રેમ ઇશ્કની લીલા કરે છે. આ દિવ્યધામ સર્વત્ર ચેતનતા, કોમળતા, સુગંધી તથા આનંદથી ભરપૂર છે. નૂર તત્ત્વથી ભરેલું આખું પરમધામ શ્રી રાજજી મહારાજનું અદ્વૈત સ્વરૂપ છે. શ્રી યુગલ કિશોર સાથે અષ્ટ પ્રહર આનંદમયી લીલા કરનારી શ્રી રાજજીની અત્યંત લાડલી ૧૨૦૦૦ સખીઓને ‘‘બ્રહ્મપ્રિયા’’ કહે છે. તેમને બ્રહ્માત્મા, બ્રહ્માંગના, બ્રહ્મસૃષ્ટિ, બ્રહ્મમુનિ, રૂહો મોમિન, સખીઆ, વગેરે નામથી પણ ઓળખવામાં આવે છે.

સૃષ્ટિના આરંભ પહેલાં જ્યારે નિરાકાર, નિરંજન, ઈશ્વર તથા મૂળપ્રકૃતિ જેવું કંઈ ન હતું ત્યારે શ્રી રાજજી મહારાજ તેમજ બ્રહ્માત્માઓ પરમધામમાં ઇશ્ક લીલા કરતા હતા. પરમાત્માનાં બાલસ્વરૂપ શ્રી અક્ષર ભગવાન નિત્યપ્રતિ અક્ષર ધામથી ૯,૦૦૦૦૦ કોસ (ગાઉ) ચાલીને ચાંદની ચોકમાં ‘‘શ્રી રાજજી’’ ના દર્શન કરવા માટે આવતા હતા, એમાં એક દિવસ સખીઓની અક્ષરબ્રહ્મ પર નજર પડતાં તેઓને તેમના સ્વરૂપ અને તેમની લીલાઓને જાણવાની અને જોવાની ઇચ્છા ઉત્પન્ન થઈ. અક્ષરબ્રહ્મને પણ રંગમહેલની અંતરંગ લીલા જોવાની જિજ્ઞાસા એ જ વખતે ઉત્પન્ન થઈ. આમ બંનેના મનની જિજ્ઞાસા સંસાર ઉત્પત્તિનું કારણ બની.

‘‘બિના કારણ કારજ ન હોય’’ શ્રી રાજજી મહારાજ અને સખીઓ વચ્ચે પ્રેમસંવાદ થયો કે કોનો પ્રેમ વધારે છે ? શ્રી રાજજી કહે, હું તમારો આશિક છું, સખીઓ કહે અમે તમારી આશિક છીએ. અમારો પ્રેમ વધારે છે. આમ તો પરમધામમાં વધારે-ઓછું, નવું-જુનું કંઈ નથી. ત્યાં તો બધું જ એકરસ છે, પરંતુ પ્રેમની પિછાણ કરાવવા માટે પિયાએ ખેલ જોવાની માગણી રૂહોં પાસે કરાવી. વસ્તુતઃ પરમધામમાં સદા અખંડ આનંદ જ છે ત્યાં દુઃખને સ્થાન જ નથી.

**સુખ મેં તો સુખ દાયમ, પર સ્વાદ ન આવત ઉપર।**
**દુઃખ આવે સુખ આવત, સો મેહેર ખોલત નજર॥**

**(શ્રી સાગર પ્ર.૮/૧૦)**

દુઃખ આવે ત્યારે સુખની કિંમત સમજાય છે. આથી સંસારનું દુઃખ જોવા માટે પરમધામથી બ્રહ્માત્માઓ સૌ પ્રથમ વ્રજ (યોગમાયા) મંડળમાં આવ્યાં ત્યારબાદ રાસ (કાલમાયા) ના બ્રહ્માંડમાં આવ્યાં, પરંતુ પરબ્રહ્મ પરમાત્મા શ્રી કૃષ્ણ સાથે હોવાથી રૂહોંની દુઃખ જોવા અનુભવાની પ્રબળ ઇચ્છા પૂરી થઈ નહીં કેમકે જ્યાં પરમાત્મા હોય ત્યાં સાંસારિક દુઃખો પ્રવેશ કરી શક્તાં નથી. આથી હંમેશા પરમાત્મા (શ્રી રાજજી) ને સાથે રાખવા જોઈએ. પરમાત્માનું હંમેશા સ્મરણ કરીએ તો પરમાત્મા પણ આપણી સાથે રહેશે. ગોપીઓ સર્વત્ર શ્રી કૃષ્ણનાં જ દર્શન કરતી હતી. તેમને મટકીમાં પણ મહીની જગ્યાએ ''મોહન'' દેખાતા હતા.

આવી રીતે દુઃખ જોવાની ઇચ્છા પૂર્ણ ન થવાથી પુનઃ જાગણીનાં બ્રહ્માંડમાં બ્રહ્મસૃષ્ટિઓનું અવતરણ થયું. પરંતુ આ માયાવી સંસારમાં આવતા જ બધું બદલાઈ ગયું. રૂહોં મૂલમિલાવામાં શ્રી રાજજી મહારાજનાં ચરણોમાં બેઠી છે. તેમની માત્ર સુરતાઓ જ અહીં આવી છે. છતાં માયાનું જોર એટલું છે કે બધું જ વિસરાઈ ગયું. આ માયાનું જોર એટલું પ્રબળ છે કે તેનો નખમાત્ર સ્પર્શ થતાં આંગળીને તોડી નાખે છે.

**ઊંચા નીચા ગેહેરા ગિરદવાએ, કઠન સમયા ઈત પહોંચા આએ।**
**હાથ ના સૂઝે સિર ના પાએ, ઈન અંધેરી સે નિકસ્યો ન જાએ॥**

**(પ્રગટવાણી ૮૧)**

આ મોહ સાગર ઊંચો, નીચો, ઊંડો અને ચારે તરફ વિશાળ રૂપે ફેલાયેલો છે. ઘણો કઠિન સમય સામે આવ્યો છે (ચૌદલોકમાં સર્વત્ર મોહ વ્યાપેલો છે). અજ્ઞાનનો અંધકાર એટલો તો છવાયેલો છે કે ખુદ પોતાના હાથ-પગ અને માથું પણ સુઝતાં નથી. આવે વખતે આ અજ્ઞાનરૂપી અંધકારથી બહાર નીકળી શકાતું નથી. માયાનો નશો બ્રહ્માત્માઓને એટલો જોરથી ચડી ગયો છે કે તેઓ પોતાના મૂળઘર (પરમધામ), પોતાના ધામધણી (પરમાત્મા) તથા સ્વયં પોતાને (આત્મા) પણ ભૂલી ગયાં. તેમને પોતાની મૂળ (જાગૃતિ) બુદ્ધિનું ભાન રહ્યું નહીં. સખીઓને સાંસારિક દુઃખ અસહ્ય થઈ પડ્યું. આ મોહમાયારૂપી અજ્ઞાનની ઊંઘમાં પોઢેલી આત્માઓને જગાડવા માટે શ્રી રાજજી મહારાજે સદ્ગુરુ શ્રી દેવચંદ્રજી મહારાજને આ જગતમાં મોકલ્યા.

**રાસ ખેલતે ઉમેદા રહિયા તિત, સો બ્રહ્મસૃષ્ટિ અબ આઈયા ઈત ।**
**યામેં સુરત આઈ શ્યામાજી સાર, મતુમહેતા ઘર અવતાર ।।**

**(શ્રી વીતક સાહેબ)**

સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી મહારાજ પરમધામનો અખંડ નિધિ (તારતમ જ્ઞાન) લઈને આ જગતમાં અવતરિત થયા.

**ગુરુ કંચન ગુરુ પારસ, ગુરુ ચંદન પરમાન ।**
**તુમ સદ્‌ગુરુ દીપક ભયે, કિયો જો આપ સમાન ।।**

**(સેવાપૂજા)**

ગુરુનો સંપર્ક થવાથી પામર જીવનો પણ ઉદ્ધાર થઈ શકે છે. વ્યક્તિનાં જીવનમાં સદ્‌ગુરુના સંપર્કથી પરિવર્તન આવી જાય છે. ગુરુ બીજાનાં અંતઃકરણને પવિત્ર બનાવી લોકોપયોગી કાર્યો કરે છે. આમ, સદ્‌ગુરુ જ્ઞાનનો દીપક પ્રગટાવી સમગ્ર શિષ્યવૃંદને પ્રકાશિત કરે છે. અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ તો સદ્‌ગુરુ જ લઈ જાય છે.

**ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ।**
**ગુરુઃસાક્ષાત્‌ પરબ્રહ્મઃ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ।।**

ગુરુ બ્રહ્માની માફક સદ્‌ગુણોનાં સર્જક બને છે. વિષ્ણુની માફક સદ્‌વૃતિઓના પાલક બને છે અને શિવજીની માફક દુષ્ટ વૃત્તિઓનો સંહાર કરે છે. આથી જ સદ્‌ગુરુને સાક્ષાત્‌ પરંબ્રહ્મ કહીને પરબ્રહ્મ પરમેશ્વર અખિલ બ્રહ્માંડનાં નાયક પરમાત્માની ઉપમા આપવામાં આવી છે. સદ્‌ગુરુ એ પરમાત્માનું બીજું રૂપ છે. સદ્‌ગુરુ હંમેશા શિષ્યના હિતેચ્છુ હોય છે. તેઓ અનેક ઉપાયો કરીને તેમને પરમાત્મા પ્રાપ્તિ માટે યોગ્ય બનાવે છે. શિષ્યના જીવનરૂપી ઘડાને ઘડે છે. સદ્‌ગુરુ સ્વયં પૂર્ણ હોય છે. સાક્ષાત્‌ વૈરાગ્યના આગર (ઘર) , જ્ઞાનનો ભંડાર, શાંતિના દાતાર, અને સુખના સાગર હોય છે. એમને કંઈ લેવા-મેળવવાની અભિલાષા હોતી નથી.

**ખોજ બડી સંસાર રે તુમ ખોજો, સાધો ખોજ બડી સંસાર ।**
**ખોજત ખોજત સદ્‌ગુરુ પાઈએ, સદ્‌ગુરુ સંગ કરતાર ।।**

**( કિરંતન પ્ર ૨૬/૧)**

મહામતિ શ્રી પ્રાણનાથજી કહે છે હે સાધુજન ! આ સંસારમાં ખૂબ શોધ કરવાની

છે. તેથી પૂર્ણબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ કરવાનો માર્ગ શોધો. સંસારમાં સાચા સદ્‌ગુરુની શોધ કરવાની છે. સદ્‌ગુરુનાં સંગથી આ સંસાર સાગર તરી જવાય છે. આ ભવસાગર અથાગ ઊંડો છે. તેમાં ખૂબ સેવાળ અને મળ જામેલો છે. આથી જેમ બહાર નીકળવા પ્રયત્ન કરીએ છીએ તેમ નીચે ખૂંચતા જઈએ છીએ. આ ભવસાગરમાંથી તો સદ્‌ગુરુ જ બહાર કાઢી શકે છે.

**સદ્‌ગુરુ સાધો વાકો કહિએ, જો અગમ કી દેવે ગમ ।**
**હદ બેહદ સમજાવે, ભાને મનકો ભરમ॥**

(કિરંતન)

સદ્‌ગુરુ અગમ્ય પરમાત્માની ઓળખ કરાવે છે. હદ અને બેહદનું સંપૂર્ણ જ્ઞાન કરાવે (નાશવંત જગતનું તથા અક્ષરબ્રહ્મ અને અક્ષરાતીતનું સાચું જ્ઞાન કરાવે) છે. અને મનના તમામ સંશયોને દૂર કરી આપે છે. જૂઠી માયાનાં બંધનમાંથી મુક્ત કરીને આપણને અખંડ ધામના ધણી શ્રી અક્ષરાતીત ભરતાર પાસે પહોંચાડી તેમના દર્શન કરાવે. આ રીતે સદ્‌ગુરુ આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક આ ત્રિવિધ તાપોને ''શોષિત'' કરીને આત્મજ્ઞાનથી ''પોષિત'' કરે છે. આવા આપણા સદ્‌ગુરુ છે શ્રી દેવચંદ્રજી મહારાજ. ઈ.સ ૧૬૩૮ માં મારવાડના ઉમરકોટમાં મતુમહેતાને ત્યાં અવતરિત થયા. નાનપણથી જ તેઓના મનમાં જિજ્ઞાસા રહેતી કે હું કોણ છું ? આ દુનિયા શું છે ? તેને બનાવનાર પરમાત્મા ક્યાં રહે છે ? આથી પરમાત્માની ખોજ કરવા માટે ઘર છોડી ભૂજનગર આવ્યા. ત્યાંથી નવાનગર (જામનગર) આવ્યા. અહીં શ્યામજી મંદિરમાં કાનજી ભટ્ટ પાસે ચૌદવર્ષ સુધી નિષ્ઠાબંધ ભાગવત કથાનું શ્રવણ, મનન અને ચિંતન કર્યું. એક વખત શ્રી કૃષ્ણ લીલામાં તેઓ મગ્ન હતા ત્યારે પૂર્ણબ્રહ્મ પરમાત્માએ પ્રત્યક્ષ દર્શન આપ્યા. પૂર્ણબ્રહ્મ પરમાત્મા શ્રી કૃષ્ણ સદ્‌ગુરુને પૂછે છે કે...

**તૂં કૌન આઈ ઈત ક્યોં કર, કહાં હૈ તેરા વતન ।**
**નાર તૂં કૌન ખસમ કી, દઢ કર કહો વચન॥**

**(કલશ પ્ર.૧/૬)**

શ્રી દેવચંદ્રજી ઉત્તર આપે છે, હે પ્રભો ! આજ સુધી જેને હું શોધતો આવ્યો છું તે ધામધણી (પરમાત્મા) આપ છો. બાકી મને કંઈ ખબર નથી. ત્યારે શ્રી કૃષ્ણજીએ 'નિજનામ શ્રી કૃષ્ણજી અનાદિ અક્ષરાતીત' આ સોડાક્ષરી મહામંત્ર અને તેની સાથે તારતમ જ્ઞાન આપ્યું. આથી પાતાળથી પરમધામ સુધીનું જ્ઞાન પ્રગટ થયું. આ તારતમ જ્ઞાન અંગે કહ્યું છે કે,

**તારતમ રસ બાની કર, પિલાઈએ જાકો।**
**જેહેર ચઢયા હોએ જિમીકા, સુખ હોવે તાકો ॥**

(પ્રકાશ હિ. ૩૧/૧૩૭)

અર્થાત્ તારતમ જ્ઞાનનો રસ વાણીના રૂપમાં જેને પણ પીવડાવવામાં આવે તેના પર માયાવી જગતનું વિષ ચડેલું હોય તો પણ તે ઊતરી જાય છે. અને તેને અખંડ સુખની પ્રાપ્તિ થાય છે. તારતમ જ્ઞાન અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઈ જાય છે. પ્રકાશ થવાથી આત્માની ઓળખ થાય છે અને આત્માની ઓળખ થતાં જ સ્વતઃ પરમાત્માની પ્રાપ્તિ થાય છે. આમ, સંસાર સાગરમાંથી સદ્‌ગુરુની કૃપાથી તારતમ જ્ઞાન દ્વારા તરી શકાય છે. સદ્‌ગુરુની કૃપાથી આ તારતમ જ્ઞાન પેઢી દર પેઢી ઊતરીને આજ આપણી સમક્ષ આપણા ઉદ્ધાર માટે અમૂલ નિધિ રૂપે હાજર છે.

બ્રહ્મપ્રિયાઓને જગાડવા માટે તથા તેમના રક્ષણ માટે પરમધામથી પૂર્ણબ્રહ્મ પરમાત્માનાં આનંદ-અંગ શ્યામા મહારાણી સદ્‌ગુરુ રૂપે આ જૂઠા સંસારમાં આવ્યા અને પરમધામનો અખંડ ખજાનો (તારતમ જ્ઞાન) આ જગતમાં લાવ્યા. આપણા સુંદરસાથ માટે સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી મહારાજે પાંત્રીસ વર્ષ સુધી અનેક વિઘ્નો પાર કરીને, અનેક કષ્ટો સહન કરીને તપસ્યા કરી. કોઈ પણ આધ્યાત્મિક માર્ગને છોડ્યો નહીં અને સુંદરસાથને 'તારતમ' મહામંત્રની ભેટ આપી. મહામતિ શ્રી પ્રાણનાથજીએ પણ બ્રહ્માત્માઓની જાગણી કરવા માટે ગુજરાતથી લઈને મધ્યપ્રદેશ (પન્નાજી) ના વિવિધ ભાગોમાં લગભગ ૨૫૦૦૦ કિ.મી. પદયાત્રા કરીને જાગણી કરી.

આમ, સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીએ સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્માની ઓળખાણ બ્રહ્મસૃષ્ટિ તથા સંપૂર્ણ જગતને કરાવી, માટે તે સદ્‌ગુરુ કહેવાયા. આવા સદ્‌ગુરુના શ્રી ચરણ અને ચરણક્ષેત્ર બન્ને આપણા માટે મોક્ષધામ છે જ્યાં જવાથી જીવનનો શોક સંતાપ દૂર થાય છે જેમકે,

**સદ્‌ગુરુ ચરણકો ક્ષેત્ર હૈ, જહાં જાય સબ શોક ।**

જો કોઈ જાણી જોઈને પાપાચરણ કરે અને પછી અનેક તીર્થોમાં જઈને સ્નાનપાન કરે તોય તેનાં પાપ ધોવાતાં નથી. વ્રત અને તપથી પણ તેનું પાપ ધોવાતું નથી. પ્રાયશ્ચિત પણ વ્યર્થ જાય છે. પરંતુ પ્રલયકાલની અગ્નિ સમાન ગુરુચરણ તથા ચરણક્ષેત્રમાં જઈ તેમનો આશ્રય લેવાથી ત્રણે પ્રકારનાં તાપ કે પાપ નષ્ટ થઈ જાય છે. એવા પરમ કલ્યાણકારી સદ્‌ગુરુદેવનાં દર્શન અને પૂજનથી જીવન ધન્ય થાય છે.

આપણે નિજાનંદાચાર્યને તથા મહામતિ શ્રી પ્રાણનાથજીને સદ્‌ગુરુ કહીએ છીએ. તેમના માર્ગદર્શન મુજબ તેમણે આપેલાં બોધ-વચનો શ્રવણ કરવાનું આપણું કર્તવ્ય છે. શ્રી તારતમ સાગરના એક-એક વચન પર ચિંતન કરવામાં આવે, મનન કરવામાં આવે તો જીવન ધન્ય બની શકે છે.

'સદ્‌ગુરુ ચરણ કો ક્ષેત્ર હૈ' તે આપણે સમજીએ અને તેમના માર્ગદર્શન પર ચાલીએ, તો શોક રહેશે નહિ અને મોહ પણ થશે નહીં.

**ભૂંડા જીવ જાગજે રે, કાંઈ ધણી તણા ચરણ પસાએ ।**
**તું ભરમ ઉડાડ જે ॥ (રાસ ૩-૧)**

હે જીવ ! તું આ પાપી દુનિયાથી જાગીને આત્માના ઘર (પરમધામ) તરફ જો. સદ્‌ગુરુના ચરણમાં જવાથી તેમની કૃપાથી અજ્ઞાનતા દૂર થાય છે, આત્માની ઓળખ થાય છે. સદ્‌ગુરુની કૃપાથી મોહ નષ્ટ થાય છે, પરમધામની સ્મૃતિ પ્રાપ્ત થાય છે.

હું આત્મા છું, મારો સંબંધ પૂર્ણબ્રહ્મ પરમાત્મા સાથે છે. એ વાતની આપણને વિસ્મૃતિ થઈ ગઈ છે. સદ્‌ગુરુનાં શરણે જવાથી તેમના બોધથી આત્મજ્ઞાન થતાં આપણને અખંડ ધામ (પરમધામ) ના સુખ પ્રાપ્ત થશે.

**સદ્‌ગુરુ મેરા શ્યામજી, મૈં અહનિસ ચરણે રહૂં ।**
**સનમંધ મેરા યાહીસોં, મૈં તાથે સદા સુખ લહૂં ॥**

**(કિરંતન પ્ર ૫૨/૧)**

---

## નૂતન વર્ષે સંકલ્પ કરીએ

વિશ્વ તમાકુ નિષેધ દિવસ ૩૧ મે જાહેર કરવામાં આવ્યો છે. તમાકુને બધેથી જાકારો મલે તે માટે સહિયારા પ્રયાસો થાય છે. કરવા જોઇએ અને તે પ્રયાસોને વ્યાપક ટેકો મળે તે આ દિવસનો હેતુ છે. શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મમાં પીવના તમાકુ છોડ દો.....થી નિષેધ કરવામાં આવ્યો છે. તમાકુના સેવનને કારણે ભારતમાં દર વર્ષે છ લાખ લોકો મૃત્યુ પામે છે.

**તમાકુને કારણે થતાં રોગો-**

v કેન્સર, v હાર્ટએટેક (હૃદયરોગનો હુમલો), v અસ્થમા, v મોં બંધ થઈ જવું (કેન્સર પહેલાંનુ સ્ટેજ), v ફેફસામાં ચેપ, v મોંમાં ચાંદા પડવા. સૌ આજથી જ સંકલ્પ કરે તમાકુ પીવાનું કે ખાવાનું બંધ કરી દઇએ તે સૌના હિતમાં છે. વ્યક્તિગત રીતે સંકલ્પ કરીએ. આપણા દેશ અને યુવા ધનને બચાવવા તમાકુ નિષેધ માટે આજે જ પ્રતિજ્ઞા લો.

-સંતસભા

## સમાચાર દર્પણ

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ મહોત્સવ - મુંબઈ

## શ્રી તારતમ સાગરના ૧૦૮ પારાયણ

સુંદરસાથજી, આપણને ઘણી જ પ્રસન્નતા થાય છે કે મહામતિ શ્રી પ્રાણનાથજીની ઉદ્‌ઘોષણા ''પસરસી ચૌદે ભવન'' ધીમે ધીમે સાર્થક થતી જાય છે. આજે આપણે જોઈ રહ્યા છીએ કે મહામતિ શ્રી પ્રાણનાથજીની વાણી શ્રી તારતમ સાગરનો પ્રચાર-પ્રસાર જુદા જુદા માધ્યમોથી સર્વત્ર થઈ રહ્યો છે.

ક્યારેક શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ મહોત્સવના માધ્યમથી તો ક્યારેક જુદા જુદા મહોત્સવના માધ્યમથી, ક્યારેક જાગણી મહોત્સવના માધ્યમથી તો ક્યારેક જાગણી મેળાના માધ્યમથી, ક્યારેક શિબિર વગેરેના માધ્યમથી શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મનો પ્રચાર પ્રસાર આજે સુંદર રીતે થઈ રહ્યો છે.

આજ સિલસિલામાં ગઈ તારીખ ૨૨ નવેમ્બર ૨૦૦૯ થી ૨૮ નવેમ્બર સુધી ભારતની આર્થિક મહાનગરી મુંબઈમાં શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ મહોત્સવનું વિશિષ્ટ આયોજન સંપન્ન થયું. શ્રી રાજજીની અહૈતુકી કૃપા તથા શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મના વર્તમાન આચાર્ય જગદ્‌ગુરુ શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ, શ્રી ૫ નવતનપુરી ધામની પાવનતમ નિશ્રામાં આયોજિત આ મહોત્સવના મુખ્ય યજમાન શ્રી ૫ નવતનપુરી ધામના જાણીતા અને માનીતા સેવાભાવી તથા ધર્મપ્રેમી ટ્રસ્ટીશ્રી તુલસીદાસભાઈ નારણદાસ ઠક્કર અને શ્રી ગૌતમભાઈ ઠક્કરનો પરિવાર હતો.

મુંબઈના સુંદરસાથજી તેમજ આચાર્ય મહારાજશ્રીની હાર્દિક સદ્‌ઈચ્છા હતી કે મુંબઈ મહાનગરીમાં શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ મહોત્સવનું સુંદર અને વિશિષ્ટ આયોજન કરવામાં આવે. જેથી મુંબઈ નિવાસી ધર્મપ્રેમી સુંદરસાથને ધર્મલાભનો સુઅવસર પ્રાપ્ત થઈ શકે. એ માટે શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મના આગેવાન સંતો, ગુરુજનોને પણ ઘણો જ ઉત્સાહ હતો. સદ્‌ધર્મપ્રેમી શેઠશ્રી તુલસીદાસભાઈના પરિવારે તન, મનની સાથોસાથ સંપૂર્ણ આર્થિક સેવાની જવાબદારી પણ લીધી જે ધર્મપ્રત્યે અટૂટ શ્રદ્ધા, આસ્થા તથા પરમ પ્રેમનું પ્રતિફળ છે.

આયોજન વિશાળ હોવાથી મંદિરમાં આ કાર્યક્રમ કરવો સંભવ ન હતો.

આથી એ માટે મુંબઈના બાબુલનાથ રોડ પર આવેલા સુપ્રસિદ્ધ શ્રી પ્રેમપુરી અધ્યાત્મ ભવનમાં આ મંગલમય આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૨૨ નવેમ્બર ૨૦૦૯ થી ૨૮ નવેમ્બર ૨૦૦૯ સુધી આયોજિત આ મહોત્સવમાં શ્રી તારતમ સાગરના ૧૦૮ સાપ્તાહિક પારાયણની સાથોસાથ શ્રી તારતમ સાગર કથા, શ્રીમદ્ભાગવતની કથા, શ્રી વીતક કથા, સમાજના સંતો, વિદ્વાનોના પ્રવચનો, વાણી ગાયન, ભજન સંધ્યા જેવા આત્મરંજક સુંદર કાર્યક્રમો થયા. સમગ્ર સુંદરસાથે બધા જ કાર્યક્રમોનો પૂર્ણરૂપે લાભ લીધો.

શ્રી પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યા ભવનના પાંચમા માળે વાતાનુકુલિત વિશાળ સભાખંડમાં શ્રી તારતમ સાગરના ૧૦૮ પારાયણ સુંદર રીતે સજાવવામાં આવ્યા હતા. સામે શ્રી રાજશ્યામાજીની યુગલ જોડીની સેવા પણ અત્યંત મનોહર સિંહાસનમાં પધરાવવામાં આવી હતી. વાચન માટે આરામદાયક બેઠક વ્યવસ્થા હતી.

**પ્રારંભ :** તારીખ ૨૨ નવેમ્બરની સુરમ્ય સવારે ભક્તિમય વાતાવરણમાં



સુંદર રૂપે સુશોભિત પારાયણ ખંડમાં સમગ્ર સુંદરસાથ તથા સંત ગુરુજનોની પાવન ઉપસ્થિતિમાં વંદના-પ્રાર્થના બાદ સેવાપૂજાનું પ્રેમપૂર્વક ગાયન થયું. પારાયણ પ્રારંભની મહાઆરતી સર્વપ્રથમ સંતો, ગુરુજનો તથા યજમાન પરિવારે કરી. **મહાઆરતી બાદ શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય જગદ્ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજશ્રીના મુખારવિંદથી મહામતિ શ્રી પ્રાણનાથજીની કલ્મષહારિણી, મંગલકારિણી,**



**ભવજલતારિણી તથા વિશ્વકલ્યાણ કારિણી, વાણી શ્રી તારતમ સાગરના ૧૦૮ પારાયણનો મંગલમય શુભારંભ થયો.** આ અણમોલ ક્ષણે સંતશિરોમણિ સ્વામી શ્રી સદાનંદજી મહારાજ-વૃન્દાવન ધામ, મહારાજશ્રી મહોનપ્રિયાચાર્યજી મંગલધામ-કાલિમ્પોંગ મુખ્ય રૂપે ઉપસ્થિત હતા. આ શુભ અવસરે શ્રી ૫ નવતનપુરી ધામ તથા અન્ય પ્રતિષ્ઠિત સ્થાનોથી પણ અનેક સંતજન, વિદ્વદ્જનોની ઉપસ્થિતિ હતી. પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ પારાયણ પ્રારંભવેળાએ પોતાના વક્તવ્યમાં કહ્યું કે આપણા બધા પર શ્રી રાજજીની અસીમ કૃપા છે. ''હક મેહેર તિત હોત હૈ'' આ પાવન અવસરની પ્રાપ્તિ ધામની સુહાગિન જ કરી શકે છે. આપણે આ મંગલમયી વાણીના પારાયણની સાથોસાથ આની રસમય ચર્ચામાં અવગાહન કરવાનો સુંદર અવસર મળ્યો છે. આ બધું શ્રી રાજજીની અહૈતુકી કૃપાનું જ ફળ છે. મહામતિ શ્રી પ્રાણનાથજીની વાણી **''પસરસી ચૌદે ભવન'' ''સુખ શીતલ કરું સંસાર''** જેવા અણમોલ મહા વાક્યોને ન્યૂનાધિક રૂપે ચરિતાર્થ કરવાનું આપણા સૌનું કર્તવ્ય છે. સુંદરસાથમાં ધર્મ ભાવના દૃઢ બને, શ્રી રાજજીના સ્વરૂપ લીલા તથા ધામના વિષયમાં ન્યૂનાધિક જાણકારી બધા સુંદરસાથને પ્રાપ્ત થાય. **''વસુધૈવ કુટુમ્બકમ્'' ''હમ તુમ એક વતન કે, અપની રૂહ નહીં દોય''** પ્રત્યેક વ્યક્તિના માનસ પટલ પર આ ઉચ્ચ ભાવના જાગૃત થાય એના માટે સમયોચિત આવા આયોજન કરવામાં આવે છે. આજે આપણે એવી



પાવન ઘડી પર ઉપસ્થિતિ છીએ. જેનો પૂર્ણપણે લાભ લઈને આપણો જીવનને ધન્ય બનાવીએ.



**સભામંડપ :** શ્રી પ્રેમપુરી અધ્યાત્મ ભવનના અત્યાધુનિક વાતાનુકુલિત ચોથા માળે સત્સંગ પ્રવચન, ચર્ચા કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. પારાયણના મંગલ પ્રારંભ પછી બરાબર ૧૦-૦૦ વાગે પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી, સ્વામીશ્રી સદાનંદજી મહારાજ, શ્રી મોહનપ્રિયાચાર્યજી મહારાજ તથા સંત ગુરુજનોએ દીપ પ્રાગટ્ય કરી સભાનો મંગલ પ્રારંભ કરાવ્યો.




**શ્રી તારતમ સાગર કથા :** પ્રત્યેક દિવસે તથા સાયંકાલીન સત્રમાં **પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી** પોતાની ધીર ગંભીર વાણી દ્વારા શ્રી તારતમ સાગરની ચર્ચા કરતાં હતા. તેઓશ્રીએ શ્રી તારતમ સાગરના ૧૪ ગ્રન્થોનો પરિચય, તેમાં રહેલા વિષયો તથા પ્રેરક પ્રસંગોના માધ્યમથી સુંદરસાથને વાણી ચર્ચા દ્વારા આનંદ વિભોર કર્યા.



**શ્રીમદ્ભાગવત કથા :** દરરોજ બપોરે ૪-૩૦ થી ૭-૩૦ દરમિયાન

**સંતશિરોમણી સ્વામી શ્રી સદાનંદજી મહારાજ** દ્વારા શ્રીમદ્ભાગવત ભક્તિ ભાગીરથીની સંગીતમયી કથા થતી હતી. કથા પ્રસંગોને અનુરૂપ વામન અવતાર, શ્રી કૃષ્ણ પ્રાકટ્ય, નંદમહોત્સવ, રાસલીલા તથા રુક્મિણિ વિવાહ વગેરેની મનોહર ઝાંખીઓ પણ પ્રસ્તુત થઈ હતી. આ રીતે પોતાની મધુર તથા સ-રસ શૈલી દ્વારા તેઓશ્રીએ શ્રીમદ્ભાગવત કથાના માધ્યમથી સુંદરસાથજીને શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મમાં ભાગવતનું મહત્ત્વ સમજાવી પરબ્રહ્મ લીલારસમાં ડૂબકી મરાવી.






**શ્રી વીતક કથા :** પ્રત્યેક દિવસે સવારની સભામાં મંગલધામ કાલિમ્પોંગથી પધારેલા આદરણીય શ્રી મોહનપ્રિયાચાર્યજી મહારાજે પોતાની ઓજસ્વી વાણી દ્વારા ઉપસ્થિત સુંદરસાથને સંક્ષિપ્ત રૂપે શ્રી વીતકની કથા સંભળાવી. તેઓશ્રીએ વીતક કથાના દરેક પ્રસંગોને પોતાના આગવા દૃષ્ટિકોણથી સ્પષ્ટ કરી સુંદરસાથજીને ધર્મનો મર્મ સમજાવ્યો. વીતકકથા સમજાવવાની તેઓશ્રીની સરળ શૈલીથી સમગ્ર શ્રોતાજને ખૂબ જ પ્રભાવિત કરી વીતકકથામાં રસમગ્ન કર્યા.

**પ્રવચન :** સમયાનુરૂપ સભાને સંબોધન કરવાવાળામાં વિશેષ રૂપે **આચાર્યશ્રી ૧૦૮ સૂર્યનારાયણજી મહારાજ- મંગલપુરીધામ સુરત, પરમ આદરણીય શ્રી જગતરાજજી મહારાજ- શ્રી બાબા દયારામ ધામ કરનાલ (હરિયાણા), સ્વામી શ્રી તારતમ જ્યોતિજી મહારાજ-શ્રી કૃષ્ણ પ્રણામી મૂલ મિલાવા માનવ મંદિર સુરત,** પૂજારી શ્રી દેવકરણ ગાંધી, પં. શ્રી રૂપરાજ શર્મા, શ્રીમતી રંજનાબેન દૂબે-શ્રી ૫ પદ્માવતી પુરી ધામ(પન્ના), શ્રી નારાયણ સ્વામી- શ્રી કૃષ્ણ પ્રણામી તપોવન સેવાશ્રમ(પંચમહાલ), શ્રી પ્રકાશચંદ્રજી શાસ્ત્રી- જેતાના (રાજસ્થાન), શ્રી લીલાધર શાસ્ત્રી (દીવ), શ્રી રાજેન્દ્ર શાસ્ત્રી (અમદાવાદ), શ્રી પુરુષોત્તમ શાસ્ત્રી (શામળાજી), શ્રી પ્રમોદ સુધાકર (કરનાલ), શ્રી એચ. કે. એલ. આહુજા (દિલ્હી), શ્રી નંદકિશોર શાસ્ત્રી (ઇલાહાબાદ) વગેરેઓ મનનીય પ્રવચનો દ્વારા શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મનો મર્મ

સમજાવી ઉપસ્થિત શ્રોતાગણને ધર્મલાભ આપ્યો.

**ભજન સંધ્યા :** પ્રત્યેક દિવસે સંગીતકારો દ્વારા વાણી ગાયન તથા ભજન-કીર્તન વગેરેથી સભામંચનું વાતાવરણ ભક્તિમય બની જતું. તેમાં વિશેષ રૂપે શ્રી રાજકુમાર ઉપાધ્યાય-સિલીગુડી, શ્રી પ્રમોદ સુધાકર, શ્રી સોહનલાલ પ્રણામી, શ્રી ચંદન શાસ્ત્રી, શ્રી રાજીવ લોચનજી, શ્રી કૃષ્ણ શાસ્ત્રી- જામનગર, શ્રીમતી શશીબેન મિત્તલ-હરિયાણા, સુશ્રી ભાનુબેન, સુશ્રી ગીતાબેન શ્રી બાઈજીરાજ આશ્રમ-ધોરાજી, સુશ્રી માનસી રાજેશ ધામી, શ્રીમતી ગીતાબેન ઠક્કર-મુંબઈ વગેરે હતા.

**સેવા પૂજા :** પ્રત્યેક દિવસે પારાયણ મંડપમાં પ્રાતઃકાલીન તથા સાયંકાલીન સેવાપૂજા વાજીંત્રોની સાથે ભક્તિભાવ પૂર્વક ગવાતી હતી. એમાં વિશેષરૂપે શ્રી ૫ નવતનપુરી ધામના પૂજારીશ્રી યમનાથ શાસ્ત્રીજી, શ્રી શ્યામ સુંદર શાસ્ત્રી, શ્રી ચંદન શાસ્ત્રી, શ્રી પ્રમોદ સુધાકર તથા શ્રી રાજીવ લોચનજી વગેર હતા.

**પ્રણામી રત્ન તથા મંગલ પુરસ્કાર સન્માન સમારોહ :** તારીખ ૨૭ નવેમ્બર ૨૦૦૯ ના દિવસે સન્માન સમારોહનું આયોજન હતું. આદરણીય શ્રી મોહનપ્રિયાચાર્યજીએ બન્ને સન્માન પુરસ્કાર કોને અને કેવી રીતે આપવામાં આવે છે તેની વિગત આપી અને અત્યાર સુધીમાં આ સન્માનથી કોણ કોણ સન્માનિત થયા તેની





યાદી રજૂ કરી. શ્રી પ્રણામી વિશ્વ પરિષદ દ્વારા અપાતો આ વર્ષનો પુરસ્કાર સેવા, ભક્તિ અને પ્રેમ ભાવનાથી ઓતપ્રોત **મુંબઈ નિવાસી શ્રી તુલસીદાસભાઈ ઠક્કરને "પ્રણામી રત્ન" નો પુરસ્કાર** આચાર્ય મહારાજશ્રી અને સંતોની ઉપસ્થિતિમાં એનાયત કરવામા આવ્યો ત્યારે સમગ્ર સભાખંડમાં આનંદની લાગણી છવાઈ ગઈ. તાલીઓના ગળગળાદર અને જયકારથી તેમના સન્માનને સૌએ વધાવી લીધું. સાહિત્યમાં વિશેષ યોગદાન આપવાવાળા સમાજના મૂર્ધન્ય **વિદ્વાન શ્રી ગુલજારીલાલ સિડાના તથા ગિરધારીલાલ સિડાનાને "મંગલ પુરસ્કાર"** થી પુરસ્કૃત તથા સમ્માનિત કરવામાં આવ્યા.

**પૂર્ણાહુતિ :** તારીખ ૨૮ નવેમ્બર ૨૦૦૯ ના રોજ સવારે ૮.૩૦ કલાકે સુંદરસાથજીની વિશાળ હાજરી તથા સમાજના આગેવાન સંતો તેમજ યજમાન પરિવારની ઉપસ્થિતિમાં પૂજ્યપાદ આચાર્યશ્રીએ શ્રી તારતમ સાગરના છેલ્લા બે પ્રકરણોનો પાઠ કરી પારાયણની સમાપન વિધિ કરી. પોતાના સુમધુર કંઠે ''પર ન આવે તોલે એકને મુખ શ્રી કૃષ્ણ કહંત'' પદનું સામૂહિક ગાન કરાવ્યું. શ્રી ફળ વધેરી જય જય થયો. આ પ્રસંગે પુનઃ સમગ્ર યજમાન પરિવારને વધાઈ આપી આશીવર્ચન પ્રદાન કર્યા.




**સભામંચ સમાપન સમારોહ :** આજે શ્રીમદ્ ્ભાગવતની કથાની તથા શ્રી વીતક સાહેબની કથાની પૂર્ણાહુતિ પણ હતી. કથાના વિરામબાદ યજમાન પરિવારને આશીર્વાદ પ્રદાન કર્યા. **શ્રી રાજજીની અસીમ અનુકંપા તથા પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની પાવન નિશ્રામાં જેઓએ આટલો મોટો કાર્યભાર પોતાના પર ઉપાડી તન, મન તથા ધનથી રાત-દિવસ એક કરી આ કાર્યને સફળ બનાવ્યું, એવા ધર્મપરાયણ, કર્તવ્ય પરાયણ અને પ્રણામી રત્ન શ્રી તુલસીદાસભાઈ**




**તેમના ધર્મપત્ની કાંતાબેન, સુપુત્ર શ્રી ગૌતમભાઈ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી મીનાબેન ઠક્કરને સર્વપ્રથમ પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ શાલ ઓઢાડી શ્રી ૫ નવતનપુરી ધામના આશીર્વાદ પ્રદાન કર્યા. આચાર્ય મહારાજ શ્રી ૧૦૮ સૂર્યનારાયણજી મહારાજે** શ્રી ૫ મહામંગલ પુરી ધામના, **સ્વામી શ્રી સદાનંદજી**



**પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની સાથે શેઠ શ્રી તુલસીદાસભાઈ ઠક્કર તથા એમના પરિવાર**

**મહારાજે** શ્રી ૫ પદ્‌માવતી પુરી ધામના, **પૂજ્ય શ્રી જગતરાજજી મહારાજે** બાબા દયારામધામ-કરનાલના **શ્રી મોહનપ્રિયાચાર્યજીએ** મંગલધામના આશીર્વાદ પ્રદાન કર્યા. આ રીતે ઉપસ્થિત બધા સંતો ગુરુજનોએ પણ ઠક્કર પરિવારને શુભકામના પાઠવી. પ્રણામી રત્નથી  સન્માનિત અને ધર્મમહોત્સવના મુખ્ય આયોજક હોવાને નાતે પારિવારિક મિત્રો, મહિલામંડળો, યુવામંડળો દ્વારા પણ સમગ્ર ઠક્કર પરિવારને મોમેન્ટો, શાલ અર્પણ કરી હાર્દિક શુભેચ્છા પાઠવી. સભાનું સુચારુ રૂપે કુશળ સંચાલન **શાસ્ત્રી શ્રી લક્ષ્મણ ચૈતન્ય** દ્વારા કરવામાં આવ્યું હતું.

આમ શ્રી રાજજીની અસીમ કૃપા, પૂજ્ય આચાર્યશ્રીની પાવન નિશ્રા અને સુંદરસાથજીની સહયોગ પૂર્ણ તન, મનની સેવાથી મોહમયી મુંબઈ નગરીમાં આ મહોત્સવ ભવ્ય રીતે, સુંદર રીતે સ-રસ રીતે સંપન્ન થયો.

**- સંપાદક**

**શાસ્ત્રી લક્ષ્મણ ચૈતન્ય તથા શ્રી કનકરાય વ્યાસ**

## : પ્રણામી હાઈસ્કૂલ-જામનગરનું ગૌરવ :

૧. ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન એસ. વી. એસ. કક્ષા અને જિલ્લા કક્ષાએ આપણી શાળાની કૃતિ 'હાઈડ્રોગ્રાફ' પ્રથમ નંબરે આવેલ છે. જે રાજ્ય કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં આણંદ મુકામે પસંદગી પામેલ. માર્ગદર્શક શિક્ષકશ્રી કે. જે. દેત્રોજા તથા સ્પર્ધક વિદ્યાર્થીઓ પટેલ અક્ષય અને દેત્રોજા માર્ક હતા. સમગ્ર સ્ટાફ અને આચાર્યશ્રી જે. પી. ગોધાણી તરફથી અભિનંદન.

૨. જામનગર એથ્લેટીકસ સ્પર્ધામાં શ્રી પ્રણામી હાઈસ્કૂલ જામનગરના વિદ્યાર્થીઓએ જુદી જુદી રમતોમાં સુંદર દેખાવ પ્રાપ્ત કરી નંબર મેળવ્યા છે. આવી શ્રેષ્ઠ સિદ્ધિ બદલ પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી, ટ્રસ્ટીગણ, શાળાના સમગ્ર સ્ટાફ તરફથી અભિનંદન. તેમના માર્ગદર્શક હતા વ્યાયામ શિક્ષકશ્રી ભીમશીભાઈ પીઠિયા. તેઓ પણ ધન્યવાદને પાત્ર છે.

| વર્ષથી નીચે | રમતનું નામ | વિદ્યાર્થીનું નામ | વિજેતા ક્રમ |
|---|---|---|---|
| ૧૪ | ૬૦૦ મીટર દોડ | રાવલ જાગૃત આર. | પ્રથમ |
| ૧૭ | ૧૫૦૦ મીટર દોડ | જાટિયા દીપક આર. | પ્રથમ |
| ૧૭ | ૧૦૦ મીટર દોડ | જાટિયા દીપક આર | દ્વિતીય |
| ૧૭ | ૧૦૦ x ૪ વિઘ્ન દોડ | સોનગરા રમેશ એ. | પ્રથમ |
| ૧૭ | બરછી ફેંક | ગોરફાડ કિશોર એમ. | પ્રથમ |
| ૧૭ | ૨૦૦ મીટર દોડ | ગોરફાડ કિશોર એમ. | પ્રથમ |
| ૧૪ | ચક્ર ફેંક | દેત્રોજા માર્ક કે. | પ્રથમ |
| ૧૪ | ગોળા ફેંક | દેત્રોજા માર્ક કે. | તૃતીય |
| ૧૬ | ૩૦૦૦ મીટર દોડ | ઘેડિયા હાર્દિક | તૃતીય |
| ૧૪ | ગોળા ફેંક | નાળા આકાશ | પ્રથમ |
| ૧૬ | ૪૦૦ મીટર દોડ | ચંદ્રરાજ વી. | તૃતીય |
| ૧૪ | ૪૦૦ મીટર દોડ | સોજિત્રા અભિષેક | દ્વિતીય |

# સમાચાર - વિવિધ

૧. જૂનાગઢમાં રાજ્યનો સૌ પ્રથમ ગોબર ગેસ પ્લાન્ટ બનાવી તેના ઉત્પાદિત ગેસ થકી વહાનોમાં ગેસ રિફીલીંગનો એક પ્રોજેકટ પ્લાન્ટ આકાર લઈ રહ્યો છે. ગોબર ગેસમાંથી બનતા ગેસને બોટલીંગ દ્વારા વહાનોમાં ભરવા માટેનો રાજ્યનો સૌ પ્રથમ તેમજ દેશનો ત્રીજો પ્લાન્ટ છે.

૨.ઊંઝા- ઉમિયા મહોત્સવની ભવ્યાતિ ભવ્ય પૂર્ણાહુતિ : ૫૭,૦૦,૦૦૦ શ્રદ્ધાળુઓ મહોત્સવના સાક્ષી, મહોત્સવ પૂર્વ ૩૫ લાખ અને મહોત્સવમાં ૨૨ લાખ લાડુ બનાવાયા. પાંચ દિવસમાં ૧૧,૭૦૦ બોટલ રક્તદાન, ૩૪ કરોડની મહોત્સવની આવકમાંથી ઉમિયા યુનિવર્સિટી બનશે. સર્વ સમાજના શૈક્ષણિક વિકાસ માટે ઉપયોગ કરવામાં આવશે. પ્રારંભે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ હાજરી આપી અને સમાપન વેળાએ પૂર્વ મુખ્ય મંત્રી કેશુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

૩. ભારતીય અર્થતંત્રમાં સુધારો- વિકાસ દર ૭.૯ ટકા, ઈન્ડસ્ટ્રીઝ સર્વિસ સેકટરના સારા દેખાવથી વૃદ્ધિ દર ઊંચો ગયો.

૪.ઝાલાવાડના ધોળી ધજા ડેમમાં નર્મદા નીરથી સૌરાષ્ટ્રમાં જળક્રાંતિ થશે. સૌરાષ્ટ્રની કેનાલ પર પંપીંગ સ્ટેશન બનાવી ૭૧ મીટર ઊંચાઈએ પાણી વહેતા કરાયા. સુરેન્દ્રનગર જિલ્લાની ૯.૪૦ લાખ જમીનને પીવાનું પાણી તથા માસિક ૨.૭૦ રૂપિયાની વીજળી બચશે. ૬૫૧ ગામોને પીવાનું પાણી મળશે. ૧૩ લાખ એકરમાં સિંચાઈની સુવિધા.

૪.વડાપ્રધાન મનમોહનસિંહે કલાઈમેટ ચેન્જ (આબોહવા પરિવર્તન ) અંગેની ડેન્માર્કની રાજધાની કેપનહેગનમાં ૧૮ ડીસે. મળનારી શિખર બેઠકમાં હાજરી આપવાનો નિર્ણય કર્યો છે.

૫.ફિફા વર્લ્ડકપમાં ૨૦૧૦ માં ચેમ્પિયન બનનાર ટીમને ૧૮ મિલિયન પાઉન્ડનો પુરસ્કાર આપવામાં આવશે. વર્લ્ડકપના ઈતિહાસમાં ચેમ્પિયન ટીમ માટેની આ સૌથી વધુ ઈનામી રકમ છે.

૬.બુલંદ હોંશલાનો સાથ હંમેશા કિસ્મત આપે છે. કોશિષ કરવાથી માણસ આકાશમાં પણ કાણું પાડી શકે છે. દૃઢ સંકલ્પની શક્તિ આગળ જીવનના બધા જ વિઘ્ન તૂટીને ચકનાચૂર થઈ જાય છે. જામનગર અલવિદા તનાવ શિબિરમાં પૂનમબેનનું ઉદ્‌બોધન.

૭.વિશ્વના સૌથી ઊંચા પર્વત એવરેસ્ટ પર ગ્લોબલ વોર્મિંગની ભારે અસર જોવા મળી રહી છે. તેને અનુલક્ષીને ગ્લોબલ વોર્મિંગને નાથવા માટે નેપાલી કેબીનેટની બેઠક ૧૭ હજાર ફૂટે મળી હતી. ગ્લોબલ વોર્મિંગની અસરથી પર્યાવરણ અને લોકોને બચાવવા માટે શું કરવું જોઈએ તેની ચર્ચાઓ કરવામાં આવી હતી.

૮.ઓકસફર્ડ યુનિવર્સિટીના નિષ્ણાંતોએ કરેલા સર્વેક્ષણ મુજબ વજન ઘટાડવા માટે સૌ પ્રથમ પેટની ચરબી ઉતારવી જરૂરી છે.

૯. ગુજરાતના રાજ્યપાલ તરીકે ડૉ. કમલા બેનીવાલે શપથ લીધા. મુખ્યમંત્રી શ્રી મોદી અને વિધાન સભાના અધ્યક્ષ શ્રી અશોકભાઈની ઉપસ્થિતિમાં કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિએ રાજ્યપાલ તરીકેના શપથ લેવડાવ્યા.

૧૦. ભારતીય ટીમ ટેસ્ટ ક્રિકેટમાં પ્રથમવાર નંબર વન બની. રેકિંગમાં નં.૧. ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા બાદ આ સિદ્ધિ મેળવનાર ભારત ત્રીજી ટીમ બની છે.

---

## શ્રી ૫ નવતનપુરી ધામમાં નવારૂમોના સૌજન્ય અંગે

**શ્રી ૫ નવતનપુરી ધામમાં નવા રૂમો ક્યારે બાંધવામાં આવશે આ અંગે સુંદરસાથ તરફથી અવારનવાર પૂછપરછ કરવામાં આવે છે. ઘણા સુંદરસાથ નવા રૂમો બંધાય તો તે માટેના બુકીંગ અંગે રાહ જોઈ રહ્યા છે. હાલમાં નૂતન રૂમોના બાંધકામ અંગની નવી યોજના બનાવવામાં આવી છે. આ અંગે જેઓ પોતાના વડીલોની સ્મૃતિમાં અથવા સમસ્ત ગામ મળીને નવતપુરી ધામમાં રૂમ બાંધવાની ઈચ્છા ધરાવતાં હોય તેઓ નીચે જણાવેલા ફોન નંબર ઉપરથી જાણકારી મેળવી રૂમો બુકીંગ કરાવી શકે છે.**

| | |
|---|---|
| **કાર્યાલય :** | ૦૨૮૮-૨૬૭૨૮૨૯ |
| | ૦૨૮૮-૩૨૦૨૮૨૯ |
| **શ્રી નવીનભાઈ પરીખ :** | ૯૩૭૬૬૯૯૯૯૧ |
| | ૯૮૯૮૦૬૭૨૮૯ |
| **શ્રી મનસુખભાઈ સાંગાણી :** | ૯૩૭૫૭૭૯૯૯૧ |

# સાહિત્ય સેવા

**મોરબી :** ધર્મજ્ઞશ્રી નાનાલાલ અરજણભાઈ પટેલ (ગંગા મોઝક ટાઈલ્સ) સપરિવાર નવતનપુરી ધામના દર્શનાર્થે આવી પાકી રસોઈ આપી તેની ખુશાલી પ્રસંગે રૂા. ૧૫૧/ ભેટ મળી છે.

**રાજકોટ :** ધામવાસી બચુભાઈ હીરાભાઈ સીદપરાની ૯ મી પુણ્યતિથિ નિમિત્તે પાકી રસોઈ આપી તે પ્રસંગે રૂા. ૨૦૦/ મળ્યા છે. હ. ભીખુભાઈ.

**રાજસ્થાન :** ધર્મજ્ઞા દીપિકાબેન પ્રફુલ્લભાઈ વાઘેલા તરફથી સાહિત્ય સેવામાં રૂા. ૨૦૧/ શુભેચ્છા ભેટ મળી છે.

**નાલા સોપારા :** ધર્મજ્ઞશ્રી કે. એમ. જાડેજા સપરિવાર પન્ના પદ્માવતીપુરી દર્શનાર્થે જઇ આવ્યાની ખુશીમાં રૂા. ૨૫૧/ મળ્યા છે.

**સુરત :** ધામવાસી જાદવજીભાઈ કુરજીભાઈ અકબરીની પુણ્યતિથિ પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૧૫૧/ મળ્યા છે.

**ગોધરા :** ધર્મજ્ઞશ્રી ધીરજલાલ મગનલાલ શાહ તરફથી સાહિત્ય સેવામાં રૂા. ૫૦૦/ મળ્યા છે. આપના સમગ્ર પરિવારજનો પર શ્રી રાજશ્યામાજીની સદા મહેર રહે એવી શુભાશિષ સહ મંગલમય જીવનની શુભકામના.

**રાજકોટ :** ધર્મજ્ઞશ્રી રમેશભાઈ અરજણભાઈ દુધાગરા (મજોઠવાળા) ને ત્યાં તા. ૬-૧૧-૦૯ ના રોજ પુત્રરત્નની પ્રાપ્તિ થયાની ખુશાલી પ્રસંગે રૂા. ૧૦૦૧/ મળ્યા છે. શ્રી રાજજી નવજાત શિશુને નિરામય દીર્ઘાયુષ્ય પ્રદાન કરે એવી મંગલમય શુભકામના.

**મજોઠ :** ધર્મજ્ઞશ્રી પરેશભાઈ ચનાભાઈ દુધાગરા સપરિવાર નવતનપુરી ધામના દર્શનાર્થે આવી પાકી રસોઈ આપી તે પ્રસંગની ખુશાલીમાં રૂા. ૨૫૧/ મળ્યા છે.

**ગોધરા :** ધર્મજ્ઞશ્રી નર્મદાબેનની મનોકામના શ્રી રાજજીની અસીમ કૃપાથી પૂર્ણ થયાની ખુશાલી પ્રસંગે રૂા. ૧૫૧/ મળ્યા છે.

**અંજાર (કચ્છ) :** ચૌહાણ વસંતભાઈ નારણભાઈ તરફથી પત્રિકાની સાહિત્ય સેવામાં રૂા. ૨૦૧/ શુભેચ્છા ભેટ મળી છે.

**મુંબઈ :** ધર્મજ્ઞશ્રી વિજયકુમાર એન. પટેલ તરફથી તેમના સુપુત્ર ચિ. ધવલના શુભલગ્ન પ્રસંગની ખુશાલીમાં તેમજ નવદંપતિને શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે લાવ્યાની ખુશાલીમાં રૂા. ૧૦૦૦/ મળ્યા છે. શ્રી રાજશ્યામાજીની અસીમ કૃપા આપના સમગ્ર પરિવાર પર રહે એવી શુભાશિષ સહ નવદંપતિને હાર્દિક શુભકામના.

**રાજકોટ :** ધર્મજ્ઞશ્રી રવિકુમાર બચુભાઈ કપોપરા તરફથી ચિ. ધવલના શુભલગ્ન ચિ. ઋત્વા સાથે થયાં અને નવદંપતિને શ્રી ૫ નવતનપુરી ધામના દર્શન કરવા લાવ્યાની ખુશાલી પ્રસંગે રૂા. ૧૫૧/ મળ્યા છે. અભિનંદન.

**જામનગર :** ધર્મજ્ઞ શ્રી તૃષાબેન રવજીભાઈ મોલિયા તરફથી સાહિત્ય સેવામાં રૂા. ૧૫૧/ શુભેચ્છા ભેટ મળી છે.

**સાજિયાવદર (અમેરિકા) :** ધર્મજ્ઞશ્રી વિઠ્ઠલભાઈ અરજણભાઈ સાવલિયા શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે રૂા. ૨૫૧/ મળ્યા છે.

**રાજકોટ (તણસવા) :** ધર્મજ્ઞશ્રી ભાવેશકુમાર પોપટભાઈ કપુપરાને ત્યાં ચિ. પલના જન્મની ખુશાલી પ્રસંગે રૂા. ૨૦૧/ સાહિત્ય સેવામાં મળ્યા છે. અભિનંદન.

**મેવાસા :** ધર્મજ્ઞશ્રી રમેશભાઈ ગોવિંદભાઈ રાદડિયાના સુપુત્ર ચિ. પીયૂષકુમારના શુભલગ્ન તા. ૧૦-૧૨-૦૯ ના રોજ સારી રીતે સંપન્ન થયાની ખુશાલી પ્રસંગે રૂા. ૨૫૧/ ભેટ મળી છે.

**જેતલસર :** ધર્મજ્ઞશ્રી જયેશભાઈ બાબુભાઈ ઠુંમર તરફથી તેમના નિવાસ સ્થાને પરમપૂજ્ય આચાર્યશ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજશ્રીની પધરામણી કરાવી તેની ખુશાલીમાં ગૌશાળાની સેવામાં ૧૫૦૦/ તથા સાહિત્ય સેવામાં રૂા. ૨૦૦/ ભેટ મળી છે.

**જામનગર :** ધર્મજ્ઞશ્રી ધીરજલાલભાઈ તથા ધર્મજ્ઞા શ્રી પૂનમબેનની ૨૫ મી મેરેજ એનિવર્સરી (લગ્ન તિથિ) પ્રસંગે સાહિત્ય સેવામાં રૂા. ૨૫૧/ મળ્યા છે. આ પ્રસંગે મંદિરમાં રસોઈ આપી ગૌશાળામાં પણ સેવા કરી છે. પરમકૃપાળુ પરમાત્મા શ્રી રાજજી આ દંપતિને નિરામય દીર્ઘાયુષ્ય પ્રદાન કરે તથા તેમની ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ થતી રહે એવી શુભકામના સહ અભિનંદન.

**મુંબઈ :** ધર્મજ્ઞશ્રી નરેન્દ્રભાઈ ચત્રભુજ ઠક્કર તરફથી ચિ. ભાવિન, અં. સૌ. નેહાના લગ્ન દિવસની ખુશાલી પ્રસંગે રૂા. ૨૫૧/ મળ્યા છે. અભિનંદન.

**સાજિયાવદર :** ધર્મજ્ઞશ્રી છગનભાઈ હરિભાઈ ચોવટિયા તરફથી ચિ. કાજલ અમેરિકા જવાની છે, તેની ખુશાલી પ્રસંગે રૂા. ૨૫૧/ મળ્યા છે. અમેરિકામાં સારી રીતે સેટલ થાવ એવી શુભ કામના.

## રૂા.૧૦૦

**પોરબંદર :** ધર્મજ્ઞા રમાબેન જીવાભાઈ ઓડેદરા શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાંની ખુશી પ્રસંગે.

**રાણાવાવ :** ધર્મજ્ઞા સંતોકબેન પરબતભાઈ ઓડેદરા શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાંની ખુશી પ્રસંગે.

**રાજકોટ :** શ્રી નવીનચંદ્ર પટેલના ચિ. ચિંતન ધોરણ ૧૨ માં સારી રીતે પાસ

થયાની ખુશાલી પ્રસંગે ભેટ. અભિનંદન.

**જામનગર :** શ્રી જમનભાઈ કેશવજી ભંડેરી મદદનીશ જિલ્લા સરકારી વકીલ બન્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**સાંકરોડિયા :** શ્રી શંકરલાલ પ્રભુદાસ પટેલે નવા મકાનમાં ગૃહ પ્રવેશ અને આચાર્યશ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજશ્રીની પધરામણી કરાવી તેની ખુશી પ્રસંગે ભેટ.

**ભાદાજાળિયા :** શ્રી નરસીભાઈ ધનજીભાઈ પડસાળા તરફથી સાહિત્ય સેવામાં શુભેચ્છા ભેટ મળી છે.

**અમેરિકા :** ધર્મજ્ઞાશ્રી પારુલબેન નરસીભાઈ પાઘડાર (ભાદાજાળિયાવાળા) તરફથી શુભેચ્છા ભેટ મળી છે.

**છત્તર :** શ્રી રમેશભાઈ વલ્લભભાઈ સુદાણીએ અખંડ પારાયણ કરાવી હતી તે પ્રસંગે ભેટ મળી છે.

**મજોઠ :** શ્રી અરજણભાઈ ગિરધરભાઈ ગઢિયા શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**જામનગર :** ધામવાસી જેઠીબેન મનજીભાઈ તારપરાની ચોથી પુણ્યતિથિ નિમિત્તે અખંડ પારાયણ કરાવી પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રીની પધરામણી કરાવી તે પ્રસંગે ભેટ મળી છે.

**ઉમરેઠ :** ધર્મજ્ઞાશ્રી દક્ષાબેન પંકજકુમાર પાઠક તરફથી ચિ. વિરલના લગ્ન પ્રસંગે તથા નોકરી મળ્યાની ખુશી પ્રસંગે ભેટ મળી છે.

**અંજાર (કચ્છ) :** શ્રી વિવેક રાજેશભાઈ ચૌહાણ તરફથી ધર્મજ્ઞશ્રી રાજેશભાઈના જન્મદિનની ખુશી પ્રસંગે ભેટ મળી છે.

**ધુળશિયા :** શ્રી વસરામભાઈ હરજીભાઈ માધાણી શ્રીજીની મહેરથી બદ્રીનાથ, કેદારનાથની યાત્રા કરી આવ્યાની ખુશી પ્રસંગે.

**જાળિયા :** ધર્મજ્ઞાશ્રી લક્ષ્મીબેન મોહનભાઈ વાઘેલાની તબિયત શ્રી રાજજીની મહેરથી સારી થઈ ગયાની ખુશી પ્રસંગે ભેટ.

**રાજકોટ :** શ્રી શૈલેષભાઈ ડી. પીપળિયા તરફથી શુભેચ્છા ભેટ મળી છે.

**રાજકોટ :** શ્રી રમેશભાઈ એન. મોલિયા તરફથી શુભેચ્છા ભેટ મળી છે.

**મેંદરડા :** શ્રી કિશોરભાઈ ગોવિંદભાઈ સોલંકીના સુપુત્ર ચિ. હિતેષે બી. ફાર્મના ત્રીજા વર્ષમાં પ્રવેશ કર્યો તેની ખુશી પ્રસંગે ભેટ.

**રાજકોટ :** શ્રી ઝાલા લખધીરસિંહ જેઠુભાએ શ્રી ૫ નવતનપુરી ધામમાં પાકી રસોઈ આપી અને દર્શનાર્થે આવ્યાની ખુશી પ્રસંગે ભેટ આપી છે

**રાજકોટ :** શ્રી હસમુખભાઈ ચત્રભુજભાઈ જોબનપુત્રાના ચિ. વિમલકુમારના શુભલગ્ન તા. ૩-૧૨-૨૦૦૯ ના રોજ થયાની ખુશાલી પ્રસંગે ભેટ. નવદંપતિને શુભાશિષ.

**રાજકોટ :** શ્રી રક્ષિતભાઈ પી. રૈયાણી તરફથી

ધર્મજ્ઞાશ્રી હિનાબેન, પરેશભાઈ તથા રક્ષિતભાઈ રૈયાણી નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યાની ખુશાલીમાં ભેટ. મળી છે.

**આંકોલવાડી :** ધર્મજ્ઞાશ્રી કૃષ્ણાબેન તથા શોભાનાબેન ભંડેરીએ લાભપાંચમના દિવસે બટુક ભોજન કરાવ્યું તે પ્રસંગે ભેટ.

**ભાડેર :** શ્રી વનમાલીભાઈ વિરજીભાઈ પટાળિયાના ચિ. કમલેશ અમેરિકામાં ઉચ્ચ અભ્યાસ અર્થે જતાં શિલ્પાબેન તરફથી ભેટ મળી છે.

**સાજિયાવદર :** શ્રી મનસુખભાઈ હરિભાઈના સુપુત્ર ચિ. મનીષ તથા ચિ. પારૂલને ત્યાં કન્યારત્ન 'ઇવા' નો જન્મ થયાંની ખુશાલી પ્રસંગે ભેટ.

**રામપર :** શ્રી મિલનકુમાર પ્રવીણભાઈ કમાણીએ જામનગર મુકામે શ્રી રાજજીની કૃપાથી નૂતન ગૃહમાં ગૃહપ્રવેશ કર્યાની ખુશાલી પ્રસંગે ભેટ.

**જામખંભાળિયા :** ધર્મજ્ઞાશ્રી જશુબેન તથા જયેન્દ્રભાઈ મોદી દાદા-દાદી બન્યાંની ખુશાલી પ્રસંગે ભેટ.

**રૂા. ૫૧**/- ૧.શ્રી પ્રભુલાલ ગોપાલજી પુરોહિત-**પોરબંદર.** ૨.શ્રી હંસરાજભાઈ ધરમશીભાઈ ચોવટિયા-**ખોખડદડ.** ૩.શ્રી હિંમતભાઈ કાનજીભાઈ ભંડેરી ૪.શ્રી શાંતાબેન મોહનભાઈ મોલિયા-**જામનગર.** ૫.શ્રી ચંદુભાઈ રવજીભાઈ ચોવટિયા-**સાજિયાવદર.** ૬.શ્રી જેન્તીભાઈ રવજીભાઈ ચોવટિયા-**સાજિયાવદર**

***ઉપરોક્ત સર્વે સુંદરસાથજીના ઉપર શ્રી રાજશ્યામાજીની સદા મહેર રહે અને તેઓની સર્વાંગી પ્રગતિ સાથે ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ થતી રહે એવા શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ***

# ધામગમન

વાણીયાગામ નિવાસી શ્રી ચંદ્રેશભાઈના દાદીમા ધર્મજ્ઞશ્રી મણિબેન ઝીણાભાઈ ચાંગાણીનું ૧૦૫ વર્ષની ઉંમરે તા. ૧૩-૧૦-૨૦૦૯ ના રોજ ધામગમન થયેલ છે. તેમની પાવન સ્મૃતિમાં સાહિત્ય સેવામાં રૂા. ૧૦૧/ મળ્યા છે.

અવાણિયા નિવાસી શ્રી નવીનભાઈ કરસનદાસ દાવડાનું તારીખ ૯-૧૧-૨૦૦૯ ના રોજ પરમધામગમન થયું છે. તેમના આત્મ કલ્યાણાર્થે સાહિત્ય સેવામાં રૂા. ૨૫૧/ ભેટ મળી છે.

માંધરોળી શ્રી કૃષ્ણ પ્રણામી મંદિરના પ્રમુખશ્રી શાંતાબા ચિમનલાલ ઠાકરનું તા. ૨૭-૧૦-૨૦૦૯ ના રોજ ધામગમન થયેલ છે. તેમના આત્મ કલ્યાણાર્થે રૂા. ૧૦૧/સાહિત્ય સેવામાં ભેટ મળી છે.

ચિખલોદરા (ઘેડ) : નિવાસી ભેટારિયા ગોવિંદભાઈના પિતાશ્રી કેસુરબાપાનું ધામગમન થયું છે. તે નિમિત્તે શ્રી ૫ નવતનપુરી ધામમાં ગોટાપારાયણ રાખી અને પાકી રસોઈ આપી તેમજ મંદિરની ગૌશાળાની ગાયો માટે છ ગુણી કપાસિયા આપ્યા છે. તેમના આત્મ કલ્યાણાર્થે રૂા. ૨૫૧/ ભેટ મળી છે.

સમેગા : ગોવિંદભાઈ ખીમાભાઈ મારૂ તરફથી ધર્મજ્ઞ ખીમાબાપાનું ધામગમન થતાં તેમના આત્માકલ્યાણાર્થે રૂા. ૧૦૧/ ભેટ મળી છે.

***ઉપરોક્ત ગતાત્માને શ્રી રાજજી પોતાના નિજચરણોમાં સ્થાન આપી શાશ્વત મુક્તિ પ્રદાન કરે તથા તેમના પરિવારજનોને તેઓનું વિરહજન્ય દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એજ અભ્યર્થના.***

# પંચ દિવસીય પારાયણ જ્ઞાનયજ્ઞ-સિનુગ્રા

કચ્છ જિલ્લાનાં સિનુગ્રા શ્રી કૃષ્ણ પ્રણામી મંદિરમાં તા. ૧૧ થી ૧૫ નવેમ્બર ૨૦૦૯ દરમિયાન પંચ દિવસનો પારાયણ જ્ઞાનયજ્ઞ શ્રી વસંતલાલ નારણભાઈ ચૌહાણ પરિવાર તરફથી તેમના વડીલોની પાવન સ્મૃતિમાં સુંદર રીતે સંપન્ન થયો. આ પ્રસંગે નવતનપુરી ધામના શ્રી ચંદન શાસ્ત્રીજી, શ્રી નારાયણ શાસ્ત્રીજી, શ્રી રાજીવ ખરેલ, શ્રી સુનિલ પ્રણામી વગેરેએ ઉપસ્થિત રહી તારતમ સાગરનું રસપાન કરાવ્યું તથા વાણી ગાયન, ધૂન, ભજન-કીર્તન દ્વારા સૌને ધર્મલાભ આપ્યો. કચ્છના ધર્મપ્રેમી સુંદરસાથજીએ વિશાળ સંખ્યામાં હાજર રહી આ કાર્યક્રમને દીપાવ્યો હતો.

# મેળવવા વિનંતી અને મળે તો કૃતજ્ઞતા

**જીવનમાં પ્રભુ સમક્ષ આપણે પ્રાર્થના કરીએ છીએ. ભજન-કીર્તન, સ્તુતિ વગેરે પણ કરીએ છીએ. પૂજાપાઠ તો હોય જ, પણ પ્રાર્થના એટલે અરજી અને સ્તુતિ એટલે આભાર વ્યક્ત કરવો તે. કંઈક કરીને મેળવવાની અપેક્ષા હોય એ પ્રાર્થના છે, સ્તુતિમાં માંગણી નથી હોતી. કાંઈક મળ્યું હોય એના માટે આભારની લાગણી વ્યક્ત કરવાની હોય છે. જીવનમાં રોજ પરમાત્મા માગ્યા વિના ઘણું આપે છે. તે માટે સ્તુતિ કરો અને જરૂર હોય તો પ્રભુને પ્રાર્થના કરો. જો કે કોઈ કર્મ ફળને ત્યજીને કરવું જોઈએ. ફળમાં આસક્ત થશો તો પરિણામ ધાર્યા મુજબ નહીં મળે. માટે પ્રાર્થના કરો તે પણ સવિનય સાદર રજૂ કરો.**

**પં. મિહિર દેવ**

# પાકી રસોઈની સેવા

| | |
|---|---|
| ૦૧.શ્રીમતી ભાવનાબેન લલિતભાઈ અકબરી | જામનગર |
| ૦૨.શ્રી નાનાલાલભાઈ અરજણભાઈ પટેલ | મોરબી |
| ૦૩.ધા.વા. બચુભાઈ હીરાભાઈ સીદપરા | રાજકોટ |
| ૦૪.શ્રી હિમાંશુભાઈ પટેલ | સીમરડા |
| ૦૫.શ્રી પ્રભુભાઈ કેશાભાઈ દુધાગરા | મજોઠ |
| ૦૬.શ્રી સામંતભાઈ એભાભાઈ મોઢવાડીયા | જેતપુર |
| ૦૭.ધા.વા. હીરાબેન નરસિંહભાઈ પટેલ | હિંમતનગર |
| ૦૮.શ્રી કરશનભાઈ લક્ષ્મણભાઈ મોઢા | કોટડા |
| ૯. શ્રી અમૃતલાલ રાયચંદભાઈ પટેલ | આમોદરા |
| ૧૦.શ્રી અનીષભાઈ રઘુભાઈ વેકરીયા | રાજકોટ |
| ૧૧.ધા.વા. બાબુભાઈ ચકુભાઈ સુતરીયા | સરવણીયા |
| ૧૨.શ્રી જગદીશભાઈ પુરસોત્તમદાસ પટેલ | સલાલ |
| ૧૩.શ્રી વિનોદભાઈ જીણાભાઈ ભંડેરી | જામનગર |
| ૧૪.શ્રી લખધીરસિંહ જેઠુભા ઝાલા | રાજકોટ |
| ૧૫.શ્રી વૈભવભાઈ બાબુલાલ કાકડીયા | અમદાવાદ |
| ૧૬.ધા.વા. રંભાબેન ખોડાભાઈ સાવલીયા | અલીયાબાડા |
| ૧૭.પરમહંસ બાવાજી શ્રી લક્ષ્મીદાસજી | શ્રી ૫ નવતનપુરી ધામ |
| ૧૮.ધા.વા. કેશુરભાઈ વકમાતભાઈ ભેટારીયા | ચીખલોદરા |
| ૧૯.શ્રી જયંતીભાઈ શંભુભાઈ કુંભાણી | મોટા-ભામોદરા |
| ૨૦.ધા.વા. ભાણજીભાઈ ભીમજીભાઈ પટેલ | જામનગર |
| ૨૧.શ્રી બ્રહ્મ ક્ષત્રિય સમાજ | જામનગર |
| ૨૨.શ્રી પ્રભુલાલ હરજીભાઈ પિત્રોડા | મોવિયા |
| ૨૩.શ્રીમતી ચેતનાબેન જયેશભાઈ અનમ | રૂપાલ |
| ૨૪.શ્રી રાજશ્યામાજી ભરોસે | - |
| ૨૫.શ્રી રાજેશભાઈ મણિલાલ ચૌહાણ | સિનોગ્રા |



श्री कृष्ण प्रणामी धर्म महोत्सव मुंबईमें श्रीमद्भागवत कथा करते हुए
स्वामी श्री सदानन्दजी महाराज एवं कार्यक्रमकी अन्य झांकियाँ



श्री कृष्ण प्रणामी मन्दिर भोपाल ( म.प्र ) में आयोजित १०८ पारायण,
शोभायात्रा एवं परम पूज्य आचार्य महाराजश्री द्वारा पारायण शुभारम्भके दृश्य



श्री आनन्दबाबा सेवा संस्था जामनगर द्वारा आयोजित
सार्वजनिक समूह यज्ञोपवित महोत्सवमें उद्बोधन करते हुए श्री सुरेन्द्रजी

RNI No. GUJ BIL /2006/18311 Registration No. GJN-1 / 2009-2011




श्री कृष्ण प्रणामी धर्म महोत्सव मुम्बईमें परम पूज्य आचार्य महाराजश्री
एवं स्वामी श्री सदानन्दजी महाराजके साथमें यजमान परिवार




श्री तुलसीदासभाई ठक्करको ''प्रणामी रत्न'' पुरस्कारसे सम्मानित करते हुए सन्त गुरुजन



महोत्सवमें पारायण पढ़ते हुए यजमान परिवार बायेंसे शेठ श्री तुलसीदासभाई,
श्रीमती कान्ताबेन, पुत्रवधु श्रीमती मीताबेन तथा सुपुत्र श्री गौतमभाई ठक्कर




सभामंचमें श्री राजजी महाराजकी महाआरती करते हुए यजमान परिवार एवं सुन्दरसाथजी

**PRINTED BOOK**

TO :

SHRI KRISHNA PRANAMI DHARMA PATRIKA
SHRI 5 NAVTANPURI DHAM JAMNAGAR - 361 001 (INDIA)